RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૭  મંગળવાર તા.૦૭-૦૭-૨૦૨૬  અંક : ૧૬૦ વર્ષ : ૨૧  jamnagar@aaspassaindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ફાંસીની સજા યથાવત

## ગુજરાત હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો માન્ય રાખી ૩૮ આરોપીઓને ફાંસી અને ૧૧ આરોપીઓની અંતિમ શ્વાસ સુધીની જેલની સજા કાયમ રાખી



અમદાવાદ

૨૦૦૮ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો છે. અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે દેશના ઈતિહાસમાં પહેલીવાર એકસાથે ૩૮ આરોપીઓને ફાંસી અને ૧૧ આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની કેદ ફટકારી હતી. ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અરજી કરી હતી અને ૪૮ આરોપીઓ પણ નીચલી કોર્ટની સજા સામે હાઈકોર્ટ ગયા હતા.

૨૬ જુલાઈ, ૨૦૦૮ના દિવસે અમદાવાદ શહેરના અલગ અલગ ૨૦ સ્થળો પર થયેલા ૨૧ સિરિયલ બ્લાસ્ટમાં ૫૬ નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૨૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મહત્વનું છે કે, અમદાવાદ સેશન્સ કોર્ટે જ્યારે આરોપીઓને સજા આપી ત્યારે મંગળવાર હતો અને આજે હાઈકોર્ટે પણ મંગળવારે ચુકાદો આપ્યો છે.

૨૦૦૮ અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના ચુકાદાને લઈને હાઈકોર્ટમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાઈકોર્ટમાં તમામ મુલાકાતીઓને બેગ સ્કેન કરીને જ એન્ટ્રી અપાઈ હતી. ડીસીપી હર્ષદ પટેલ, સોલા પીઆઈ, ગુજરાત યુનિવર્સિટી પીઆઈ સહિતનો ૧૨૦ પોલીસનો સ્ટાફ અને એસઆરપી તહેનાત કરાઈ હતી સાથે જ વીડિયોગ્રાફર પણ હાજર હતા. બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા કોર્ટમાં તપાસ કરાઈ હતી.

વર્ષ ૨૦૦૮ અમદાવાદમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે કુલ ૭૮ આરોપીઓ સામે ટ્રાયલ ચાલી હતી. વર્ષ ૨૦૦૯માં દાખલ થયેલા કેસનો ચુકાદો ૧૩ વર્ષ બાદ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ આવ્યો હતો. જેમાં કોર્ટે ૪૯ આરોપીઓને દોષિત ઠેરવતા ૩૮ આરોપીઓને ફાંસીની સજા અને ૧૧ આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. જ્યારે ૨૯ આરોપીઓને નિર્દોષ છોડ્યા હતા.

આરોપીઓ જાન્યુઆરી, ૨૦૦૮માં હાલોલ કેમ્પમાં ગયા હતા. કયામુદીન કેરળ ખાતે યોજાયેલ આતંકી કેમ્પમાં પણ ગયો હતો. તેને ખબર હતી કે તેના પિતા તેને ગુજરાત નહી જવા દે એટલે તેને પોતાના મોટા ભાઈને રફિયુદિનને આગળ ધરીને તેને સાથે લઈને ગુજરાત આવ્યો હતો. કેમ્પમાં પહોંચ્યા બાદ રફીઉદિનને ખબર પડી હતી કે આ સિમીના કાર્યકરોનો કેમ્પ છે ,જે સંગઠનને ભારત સરકારે પ્રતિબંધિત કર્યું છે. તેને એમ કે અહીં ધાર્મિક કાર્યક્રમ હશે. જેથી તે આ કેમ્પમાંથી નીકળી ગયો હતો.

શહેરમાં ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ ૨૦ વિસ્તારમાં ૨૧ બોમ્બ બ્લાસ્ટ થયા હતા, જેમાં ૫૬ લોકોનાં મોત અને ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બોમ્બ બ્લાસ્ટના કેસમાં અમદાવાદમાં ૨૦ એફઆઈઆર જ્યારે સુરતમાં ૧૫ એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ કેસમાં કુલ ૯૯ આતંકવાદીને પ્રાથમિક તપાસમાં આરોપી ગણવામાં આવ્યા હતા. તે પૈકી ૮૨ આતંકવાદીની ધરપકડ કરાઈ હતી.

### પીડિતો માટે ૧૦ લાખના વળતરની જાહેરાત

ગુજરાત હાઈકોર્ટે સજા યથાવત્ રાખવાની સાથે પીડિત પરિવારો માટે આર્થિક વળતરનો પણ મોટો ચુકાદો આપ્યો છે. આ ધડાકાઓમાં જીવ ગુમાવનારા મૃતકોના પરિજનોને ૧૦ લાખ રૂપિયાનું વળતર આપવા આદેશ કરાયો છે. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પીડિતોને ૧ લાખ રૂપિયાનું વળતર આપવા આદેશ કરવામાં આવ્યો છે. હાલમાં હાઈકોર્ટમાં આ મામલે સુનાવણીની પ્રક્રિયા પૂર્ણતાના આરે છે અને આ ઐતિહાસિક ચુકાદાથી પીડિતોને આખરે ન્યાય મળ્યો છે.

### અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં ૫૬ના મૃત્યુ

૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ અમદાવાદ શહેરમાં સાંજે આશરે ૭૦ મિનિટના ગાળામાં ૨૧ સ્થળોએ એક પછી એક સિરિયલ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ હુમલાઓમાં ૫૬ લોકોનાં મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં ભય અને અરાજકતાનો માહોલ સર્જાયો હતો. વિસ્ફોટ બાદ થોડા જ સમયમાં શહેરની વિવિધ હોસ્પિટલોમાં પણ બોમ્બ મૂકવામાં આવ્યા હોવાની ઘટના સામે આવતાં સમગ્ર દેશ હચમચી ગયો હતો.તપાસ પૂર્ણ થયા બાદ કુલ ૭૮ આરોપીઓ સામે વિશેષ અદાલતમાં કેસ ચલાવવામાં આવ્યો હતો.

### ફાંસીની સજાના દોષિતો

અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ કેસમાં જેમણે ફાંસીની સજા થઈ છે તેમાં ઝાહિદ ઉર્ફે જાવેદ કુતુબુદ્દીન શેખ, ઈમરાન ઈબ્રાહિમ શેખ, ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ,શમ્સુદ્દીન ઉર્ફે શમ્સુ શહાબુદ્દીન શેખ,ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અન્સારી, મોહમ્મદ આરિફ મોહમ્મદ ઈકબાલ કાગઝી,મોહમ્મદ ઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહમ્મદ અનીસ અગરબત્તીવાળા, યુનુસ મોહમ્મદભાઈ મન્સૂરી, કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહમ્મદ નગોરી, આમિલ પરવેઝ ઉર્ફે સિકંદર કાજી સૈફુદ્દીન શેખ,શિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ,સફદરહુસૈન ઉર્ફે હુસૈનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નગોરી,હાફિઝહુસૈન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, મોહમ્મદ સાજિદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સૂરી,અબુબસર ઉર્ફે મુફ્તિ ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, અબ્બાસ ઉમર સામેજા, જાવેદ અહેમદ સાદિર અહેમદ શેખ (સૈયદ),મોહમ્મદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજિક ઉર્ફે મુસાફ ઉર્ફે ફુરકાન મોહમ્મદ ઈશાક મન્સૂરી,અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજિત સિંહ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલિબ ઉસ્માની,મોહમ્મદ આરિફ ઉર્ફે આરિફ બદર ઉર્ફે લાદાન બદરૂદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ,આસિફ ઉર્ફે હસન બશીરુદ્દીન શેખ, મોહમ્મદ આરિફ નસીમ અહેમદ મિર્ઝા,કયામુદ્દીન ઉર્ફે મૂસા ઉર્ફે અશફાક ઉર્ફે અબ્દુલ કાદિર ઉર્ફે રિઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડિયા,મોહમ્મદ સૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સદાબ અહેમદ શેખ,ઝિશાન અહેમદ એહસાનઅહેમદ શેખ,જિયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ,મોહમ્મદ શકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, મોહમ્મદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ,ફઝલ-એ-રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દિકખાન દુરાની, અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી,સરફુદ્દીન ઉર્ફે શરીફ એટ સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, સૈફ-ઉર-રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અન્સારી, સાદુલી ઉર્ફે હારિસ અબ્દુલકરીમ મુસ્લિમ, મોહમ્મદ તનવીર ઉર્ફે તલ્હા મોહમ્મદ અખ્તર પઠાણ, આમીન ઉર્ફે રાજા અયુદ નાઝિર શેખ,મોહમ્મદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન,મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમઝેબ અફિદી મસ્કુર અહેમદ, તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનો સમાવેશ થાય છે.

# ઓમાનના દરિયાકાંઠે ઓઈલ ટેન્કર અને કોમર્શિયલ જહાજ ઉપર કરાયો હુમલો

## હુમલા બાદ ટેન્કરમાં આગ લાગી : અમેરિકાએ હુમલા માટે ઈરાનને જવાબદાર ગણ્યું

તેહરાન

હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓમાનના દરિયાકાંઠા નજીક એક ઓઈલ ટેન્કર અને કોમર્શિયલ જહાજ પર હુમલો થયો છે. બ્રિટિશ મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીએ જણાવ્યું છે કે, સોમવારે એક અજ્ઞાત પ્રોજેક્ટાઈલ ટેન્કર સાથે અથડાયું હતું, જેના કારણે તેમાં આગ લાગી ગઈ હતી.

અમેરિકાએ આ હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે અને જવાબી કાર્યવાહી કરવાની ધમકી આપી છે.

આના કારણે હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ તણાવ ફરી એકવાર વધી ગયો છે. આ ઘટનાક્રમ એવા સમયે બન્યો છે જ્યારે ઈરાન તેના પૂર્વ સુપ્રીમ લીડર અલી ખામેનેઈની અંતિમ સંસ્કારની વિધિઓ પૂર્ણ કરી રહ્યું છે. ટેન્કર ઓમાનના લિમાહ નજીક દક્ષિણ તરફ જઈ રહ્યું હતું, ત્યારે તેની ડાબી બાજુએ (પોર્ટ સાઈડ) અથડામણ થઈ હતી, જેના કારણે તરત જ આગ લાગી ગઈ હતી. જોકે, આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને પર્યાવરણને પણ કોઈ નુકસાન થયું નથી. અધિકારીઓ હાલ આ ઘટનાની તપાસ કરી રહ્યા છે. અમેરિકાએ આ હુમલાઓ માટે ઈરાનને જવાબદાર ગણાવ્યું છે.

# ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે દ્વિપક્ષીય સહયોગ વધારવા સમજૂતી

## પ્રધાનમંત્રી મોદી અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ વચ્ચે વ્યાપાર સહિતની બાબતો અંગે થઈ મંત્રણા : પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરાયું

જકાર્તા

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે દ્વિપક્ષીય વાતચીત કરી. બંને નેતાઓએ ઉર્જા, વેપાર, સંરક્ષણ, દરિયાઈ સહયોગ, મહત્વપૂર્ણ ખનિજો, ખાદ્ય સુરક્ષા અને ડિજિટલ અર્થતંત્ર જેવા ક્ષેત્રોમાં વ્યાપક ભાગીદારીને નવી ગતિ આપવા અંગે ચર્ચા કરી. અગાઉ, પીએમ મોદીનું જકાર્તામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, અને



રાષ્ટ્રપતિ સુબિયાન્ટોએ એરપોર્ટ પર તેમનું વ્યક્તિગત સ્વાગત કર્યું હતું.

બંને નેતાઓ યોગ્યાકાર્તામાં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ પ્રમ્બાનન મંદિર સંકુલની પણ મુલાકાત લેશે. ઈન્ડોનેશિયાની તેમની મુલાકાત પછી, પીએમ મોદી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની યાત્રા કરશે.

પીએમ મોદીની મુલાકાત દરમિયાન, બંને દેશો આરોગ્ય, કૃષિ, ખાદ્ય સુરક્ષા, વિજ્ઞાન અને ટેકનોલોજી, અવકાશ, ફાર્માસ્યુટિકલ્સ, શિક્ષણ, ઉત્પાદન અને મહત્વપૂર્ણ ખનિજો જેવા ક્ષેત્રોને આવરી લેતા અનેક કરારો પર હસ્તાક્ષર કરશે. બંને દેશો દ્વિપક્ષીય આર્થિક સંબંધોને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે, ખાસ કરીને એવા સમયે જ્યારે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં દ્વિપક્ષીય વેપારમાં ઘટાડો થયો છે. એક અહેવાલ મુજબ, બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ ૨૦૨૩ માં ૩૮.૮ બિલિયન યુએસ ડોલરથી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૬ મા ૨૪.૮ બિલિયન થવાનો અંદાજ છે. ઈન્ડોનેશિયામાં ભારતના રાજદૂત સંદીપ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે ભારત અને ઈન્ડોનેશિયા ઐતિહાસિક રીતે મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે, અને પીએમ મોદીની મુલાકાત સહકારના નવા અધ્યાયો ખોલશે.

# શ્રીલંકાની જેલમાં કેદીઓ વચ્ચે ગેંગવોરમાં ૨૫ના મોત

## નેગોમ્બો શહેરની મુખ્ય જેલની ઘટનામાં ચાર સુરક્ષાકર્મીઓના પણ મોત નીપજ્યા : ૧૦૦થી વધુ ઘાયલ

કોલંબો

શ્રીલંકાની એક જેલમાં કેદીઓ વચ્ચે મોટી હિંસા થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ હિંસા કોલંબાના ઉત્તરમાં આવેલા નેગોમ્બો શહેરની મુખ્ય જેલમાં થઈ છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અત્યંત હિંસક અને લોહિયાળ હિંસામાં આશરે ૨૫ લોકોના મોત થયાં છે. આ મૃતકોમાં ૪ સુરક્ષાકર્મીઓ પણ સામેલ હોવાનું રિપોર્ટ્સમાં સામે આવ્યું છે. હિંસક અથડામણમાં ૧૦૦થી પણ વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં છે. જેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. આ હિંસા શા માટે થઈ તે મામલે



તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

રવિવારની સાંજે જેલની અંદર સક્રિય બે કુખ્યાત ડ્રગ્સ ગેંગના કેદીઓ કોઈ બાબતે આમને-સામને આવી ગયા હતા અને તેમની વચ્ચે વિવાદ શરૂ થયો હતો. જોતજોતામાં આ વિવાદ મોટો થયો અને હિંસામાં ફેરવાઈ ગયો હતો. મોડી રાત સુધી આ હિંસા ચાલી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ સાથે નેગોમ્બોની સરકારી હોસ્પિટલમાં ૧૦૦થી પણ વધુ ઘાયલોની સારવાર ચાલી રહી છે. હોસ્પિટલ પ્રશાસને વધુમાં જણાવ્યું કે, ઘાયલોમાંથી ઘણા લોકોના શરીર પર ગોળીઓના નિશાન છે, જ્યારે કેટલાક અન્ય કેદીઓ ધારદાર હથિયારોના હુમલા, કપાવા અને ગંભીર ઈજાઓના કારણે પીડાઈ રહ્યા છે. હોસ્પિટલ તંત્ર ગંભીર રીતે ઘાયલ લોકોને બચાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સોમવારની સવારે પણ જેલની અંદરથી ગોળીબાર થવાના અવાજો સંભળાતા હતા. જેલની અંદર આ લોહિયાળ જંગના સમાચાર ફેલાતા જ જેલની સમગ્ર સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી.



વિશ્વભરમાં અત્યારે ક્રિકેટની સાથોસાથ ફૂટબોલ ફીવર ચાલી રહ્યો છે. મેક્સિકો સામેની મેચ જીત્યા પછી ઈંગ્લેન્ડના ખેલાડીઓ ઉજવણી કરતા નજરે પડે છે.

# મણિપુરમાં આસામ રાઈફલ્સના કાફલા ઉપર ઉગ્રવાદીઓનો હુમલો : બે જવાન શહીદ




## આસામ રાઈફલ્સનો કાફલો પોતાના કેમ્પથી પોલીસ સ્ટેશન તરફ જઈ રહ્યો હતો ત્યારે સુનિયોજિત હુમલો કરાયો

નવી દિલ્હી

મણિપુરમાં ઉગ્રવાદીઓએ આસામ રાઈફલ્સના કાફલા પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો, જેમાં બે જવાનો શહીદ થયા હોવાના અહેવાલ છે. આ હુમલો શાંગશાક વિસ્તારના નુગશાંગ કોંગ ગામ નજીક થયો હતો. શહીદ થયેલા જવાનોની ઓળખ વોરંટ ઓફિસર બલવંત સિંહ અને રાઈફલમેન સી.એમ. સિંહ તરીકે થઈ છે. હુમલાની જાણ થતાં જ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને આતંકીઓને ઝડપી પાડવા માટે મોટા પાયે સર્ચ અને કોમ્બિંગ ઓપરેશન શરૂ કરી દીધું છે.

સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૪૦ આસામ રાઈફલ્સનો આ કાફલો પોતાના કેમ્પથી પોલીસ સ્ટેશન તરફ જઈ રહ્યો હતો ત્યારે આ સુનિયોજિત હુમલો કરવામાં આવ્યો હતો. આતંકવાદીઓએ રસ્તામાં આવતા એક પુલની બંને બાજુએ ત્રણ IED ગોઠવી રાખ્યા હતા. કાફલો પહોંચતા જ બે પ્રચંડ બ્લાસ્ટ કરવામાં આવ્યા અને ત્યારબાદ અનેક દિશાઓમાંથી આડેધડ ગોળીબાર શરૂ કરાયો હતો. આસામ રાઈફલ્સના જવાનોએ જવાબી કાર્યવાહી કરતા બંને પક્ષો વચ્ચે એક કલાક સુધી ભારે ગોળીબાર થયો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન જવાનોએ એક જીવંત IED પણ શોધીને સુરક્ષિત રીતે નિષ્ક્રિય કર્યો હતો.

આ ઘાતક હુમલામાં કાફલાની ગાડીમાં સવાર બંને જવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને શરૂઆતમાં શાંગશાક સ્થિત આસામ રાઈફલ્સ કેમ્પમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને ત્યારબાદ વધુ સારી સારવાર માટે અન્ય મેડિકલ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, દુઃખદ રીતે સારવાર દરમિયાન બંને જવાનોએ દમ તોડી દીધો હતો. હાલમાં હુમલામાં સંડોવાયેલા આતંકવાદીઓની સઘન શોધખોળ ચાલુ છે, પરંતુ હજુ સુધી કોઈ પણ ઉગ્રવાદી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.

# દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી

## ગુજરાતમાં એકથી વધુ સિસ્ટમ સક્રિય થતા સાર્વત્રિક વરસાદ : છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૨૫ તાલુકાઓમાં એકથી આઠ ઈંચ વરસાદ

અમદાવાદ,

ગુજરાત પર એકથી વધુ ચોમાસું સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે હાલ રાજયમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. વાપીમાં સૌથી વધુ ૮.૫૮ ઈંચ વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આજે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે આજે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં એક તાલુકામાં ૮ ઈંચથી વધારે, ચાર તાલુકામાં ૬ ઈંચથી વધારે, ચાર તાલુકામાં ૫ ઈંચથી વધારે, સાત તાલુકામાં ૪ ઈંચથી વધારે, ૧૧ તાલુકામાં ૩ ઈંચથી વધારે, ૨૧ તાલુકામાં ૨ ઈંચથી વધારે, ૪૯ તાલુકામાં ૧ ઈંચથી વધારે અને ૧૨૮ તાલુકામાં ૧ ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

વાપીમાં સૌથી વધુ ૮.૫૮ ઈંચ, કામરેજમાં ૬.૪૬ ઈંચ, પારડીમાં ૬.૩૪ ઈંચ, ઉમરગાવમાં ૬.૨૬ ઈંચ, ઘોઘામાં ૬.૧૪ ઈંચ, નાનાપોંઢામાં ૫.૯૧ ઈંચ, કપરાડામાં ૫.૩૯ ઈંચ, સુરત શહેરમાં ૫.૩૯ ઈંચ, વલસાડમાં ૫.૨૮ ઈંચ, ખેરગામમાં ૪.૮૮ ઈંચ, લાઠીમાં ૪.૬૧ ઈંચ, ભાવનગરમાં ૪.૪૯ ઈંચ, શિહોરમાં ૪.૪૫ ઈંચ, બાબરામાં ૪.૩૭ ઈંચ, અમરેલીમાં ૪.૨૫ ઈંચ, રાધનપુરમાં ૪.૨૧ ઈંચ, સિનોરમાં ૩.૯૦ ઈંચ,ખાનપુરમાં ૩.૮૬ ઈંચ, સાવરકુંડલામાં ૩.૮૨ ઈંચ, ડોલવણમાં ૩.૭૦ ઈંચ, ધરમપુરમાં ૩.૬૨ ઈંચ, ડભોઈમાં ૩.૫૪ ઈંચ, બોડેલીમાં ૩.૪૩ ઈંચ, ગારિયાધારમાં ૩.૩૯ ઈંચ, ઉમરાળામાં ૩.૧૫ ઈંચ, સાગરાબારમાં ૩.૧૧ ઈંચ, વાગરમાં ૩.૦૭ ઈંચ વરસાદ વરસ્યો હતો.

જ્યારે ગણદેવીમાં ૨.૯૫ ઈંચ, નવસારીમાં ૨.૮૭ ઈંચ, માંગરોળમાં ૨.૭૬ ઈંચ, લીલીયામાં ૨.૬૮ ઈંચ, અંબિકા ૨.૬૦ ઈંચ, પાદરામાં ૨.૪૮ ઈંચ, વાલીયામાં ૨.૪૮ ઈંચ, ડાંગ આહવામાં ૨.૪૦ ઈંચ, ચીખલીમાં ૨.૩૬ ઈંચ, વડોદરામાં ૨.૩૨ ઈંચ, વલ્લભીપુરમાં ૨.૨૪ ઈંચ, વાલોદમાં ૨.૨૦ ઈંચ, મહુવા (ભાવનગર)માં ૨.૧૭ ઈંચ,પલસાણામાં ૨.૧૭ ઈંચ, ધંધુકામાં ૨.૧૭ ઈંચ, મહુવામાં ૨.૦૯ ઈંચ, જલાલપોરમાં ૨.૦૯ ઈંચ, પાલીતાણામાં ૨.૦૫ ઈંચ વરસાદ નોંધાયો હતો.

આજે નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. અમરેલી, ભાવનગર, સુરત, તાપીમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ગીર સોમનાથ, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. અમદાવાદમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ આવી શકે છે.

રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વરસાદને લઈ ખતરનાક આગાહી કરી છે.

# અમદાવાદમાં લોન ભરપાઈ કરવા માટે એક મહિનાની માસૂમ દીકરીને વેચવાનો કારસો

## વટવા વિસ્તારની ઘટનામાં બાળકીની માતાએ નોંધાવી પોલીસ ફરિયાદ

અમદાવાદ,

અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશનમાં એક ૧૯ વર્ષીય માતાએ ફરિયાદ નોંધાવી હતી કે તેમની એક પરિચિત મહિલાએ રૂ. એક લાખની લોનની ભરપાઈ માટે તેમની એક મહિનાની દીકરીને વેચી નાખવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેમની નવજાત દસ દિવસ બાદ તેમને પાછી મળ્યા બાદ તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર આ દંપતી અગાઉ હાથીજણ રહેતું હતું અને રેસ્ટોરાંમાં કામ કરતું હતું. અહીં પડોશમાં રહેતી આરોપી મહિલા સાથે તેમના ઘરજેવા સંબંધો હતા. ચારેક મહિના પહેલા ઓટોરિક્ષા ખરીદવા માટે તેમણે આરોપી પાસેથી રૂ. એક લાખ ઉછીના લીધા હતા અને ત્યારબાદ ૩જી જૂને મહિલાએ એક બાળકીને જન્મ આપ્યો હતો. ત્યારબાદ આરોપી મહિલાએ લોનના પૈસા માગવાની શરૂઆત કરી હતી.

બાળકીના જન્મના ૨૦ દિવસ બાદ દંપતી જ્યારે આરોપીના ઘરે ગયું ત્યારે આરોપી મહિલાએ કથિત રીતે બાળકીની માગણી કરી અને તેના બદલામાં એક લાખની લોન માફ કરી દેવાની અને વધારાના બે લાખ રૂપિયા આપવાની વાત કરી હતી અને બાળકીને સારી રીતે ઉછેરશે એમ જણાવશે. જોકે દંપતીએ આ વાતનો ઈનકાર કર્યો હતો. જોકે ફરિયાદી મહિલા ઘરના કમકાજ કરી શકતી ન હોવાથી તેઓ આરોપીના ઘરે જમવા જતા હતા.

લગભગ દસેક દિવસ પહેલા આરોપી મહિલા તેમના ઘરે આવી બાળકીને રમાડવાને બહાને લઈ ગઈ હતી. મોડે સુધી તે પરત ન ફરતા દંપતીએ તેમને પૂછ્યું ત્યારે મહિલાએ બાળકીને અન્ય પરિવારને વેચી દીધી હોવાનું કહ્યું હતું અને તે હવે પાછી નહીં આવે તેમ પણ કહ્યું હતું. તેને વારંવાર વિનંતી કરવા છતા બાળકીને પરત આપી ન હતી. દસેક દિવસ બાદ શનિવારે તે પરત આપી હતી.

# ડમ્પરે મોપેડને ટક્કર મારતા માતા અને તેમના ૩ વર્ષના પુત્રનું મોત

## અમદાવાદના હાથીજણ-વસ્ત્રાલ રિંગરોડની ઘટના

અમદાવાદ,

શહેરના હાથીજણ થી વસ્ત્રાલ જવાના રસ્તે એક બેફામ ગતિએ આવી રહેલા ડમ્પરે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોપેડ પર સવાર માતા-પુત્ર રસ્તા પર ફંગોળાયા હતા, જેમાં ૩ વર્ષના માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનાને પગલે મૃતક બાળકના પરિવારમાં ભારે આક્રંદ અને શોકની લાગણી પ્રસરી ગઈ છે.

આ અકસ્માત અંગે મળતી માહિતી અનુસાર, અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા કામિનીબહેન પ્રજાપતિ તેના ૩ વર્ષના માસૂમ પુત્ર સાત્વિક સાથે મોપેડ પર સવાર થઈને હાથીજણથી વસ્ત્રાલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એપોલો ટાયર્સ નજીક પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે તેમના મોપેડને અડફેટે લીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે માતા અને પુત્ર બંને રોડ પર પટકાયા હતા. ગંભીર શારીરિક ઈજાઓ થવાના કારણે નાનકડા સાત્વિકે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો, જ્યારે કામિનીબહેનને ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. આ ગમખ્વાર અકસ્માત સર્જ્યા બાદ ડમ્પરનો ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થવાનો પ્રયાસ કરતા લોકો તેને ઝડપીને પોલીસના હવાલે કર્યો હતો. અકસ્માતની ગંભીરતાને જોતાં 'જે' ડિવિઝન ટ્રાફિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક બાળકના શવને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અકસ્માત સર્જનાર ડમ્પરચાલકની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

# બાંગ્લાદેશી સગીરાને વેચનાર અમદાવાદની મહિલાને ૨૦ વર્ષ કેદની સજા

## માનવ તસ્કરી અને બાળ શોષણના એક અત્યંત ગંભીર મામલામાં પોક્સોની વિશેષ અદાલતનો ઐતિહાસિક ચુકાદો

અમદાવાદ,

શહેરમાં માનવ તસ્કરી અને બાળ શોષણના એક ગંભીર કેસમાં પોક્સો (POCSO)ની વિશેષ અદાલતે ઐતિહાસિક ચુકાદો આપતા બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારત લાવીને ૧૩ વર્ષની માસૂમ સગીરાને બે વખત વેચવાના ગુનામાં કોર્ટે મુખ્ય આરોપી મહિલાને ૨૦ વર્ષની સખત કેદ અને ૧ લાખના દંડની સજા ફટકારી છે. આ સાથે જ વિશેષ અદાલતે પીડિત સગીરાના પુનર્વસન માટે ૫ લાખનું આર્થિક વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

શહેરના પૂર્વ વિસ્તારના એક મહિલા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન સુલોતના સિંઘ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા પોક્સો એક્ટ હેઠળ વિવિધ કલમો મુજબ ગુનો નોંધાયો હતો. આ કેસની સુનાવણી અમદાવાદ સિટી સેશન્સ કોર્ટમાં આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી હતી. વિશેષ જજ એચ.એન. દેસાઈએ સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોર દ્વારા રજૂ કરાયેલી દલીલો, સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓને આધારે આરોપી મહિલાને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને આશરે એક લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે.

બાંગ્લાદેશની ૧૩ વર્ષની સગીરાને તેની કાકાની દીકરીના ઓળખીતા હસીના અને તેના પતિએ ફરવાના બહાને બાંગ્લાદેશમાંથી જંગલ માર્ગે ગેરકાયદે ભારતની સરહદ પાર કરાવી હતી. ત્યારબાદ બંને સગીરાને પશ્ચિમ બંગાળના કલકત્તા લઈ ગયા અને ત્યાંથી ટ્રેન મારફતે અમદાવાદ લાવવામાં આવી હતી. અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં થોડો સમય રાખ્યા બાદ આરોપીઓએ સગીરાને અન્ય એક મહિલાને વેચી દીધી હતી. ત્યારબાદ તે મહિલાએ નારોલ વિસ્તારમાં રહેતી સુલોતના સિંઘને ૪૦ હજાર રૂપિયામાં સગીરાને વેચી દીધી હતી. છેલ્લા દોઢથી બે વર્ષ સુધી સગીરા સુલોતનાના ઘરે ઘરકામ કરતી હતી.

તપાસ દરમિયાન સામે આવ્યું કે જ્યારે સુલોતના ઘરે હાજર ન હોય ત્યારે તેનો દીકરો સનાતનસિંઘ સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજારતો હતો. સમગ્ર ઘટનાએ માનવ તસ્કરી અને બાળ શોષણના ગંભીર પાસાઓને ઉજાગર કર્યા છે. પીડિતાના પિતાનું બાંગ્લાદેશમાં અકસ્માતમાં મૃત્યુ થયા બાદ તે પોતાની કાકાની દીકરી પાસે રહેવા ગઈ હતી. ત્યાંથી આરોપીઓ તેને વિશ્વાસમાં લઈને ભારત લાવ્યા હતા. બાદમાં કાકાની દીકરીને બાંગ્લાદેશ પરત મોકલી દેવામાં આવી હતી, જ્યારે સગીરાને અમદાવાદમાં રાખીને તેનું શોષણ કરવામાં આવ્યું હતું. પોલીસે નારોલ વિસ્તારમાંથી સગીરાને મુક્ત કરાવી હતી અને તેના નિવેદનના આધારે ગુનો નોંધ્યો હતો.

# ભગવાન જગ્ગનાથજીની રથયાત્રા પૂર્વે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનું મેગા કોમ્બિંગ

## ૨૦૦થી વધુ શંકાસ્પદોની પૂછપરછ ૯ ગેરકાયદે હથિયારો સાથે ૫ની ધરપકડ

અમદાવાદ,

વર્ષોથી શહેરમાં અષાઢી બીજના દિવસે નીકળતી ભગવાન જગ્ગનાથજીની પવિત્ર રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ગુજરાત પોલીસ અને ખાસ કરીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવી દીધી છે. રથયાત્રા પૂર્વે પોલીસે સઘન કાર્યવાહીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૨૦૦થી વધુ શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. આ ઓપરેશન દરમિયાન અગાઉ શારીરિક ગુનાઓમાં સંડોવાયેલા અને કોમી વૈમનસ્ય (વેરભાવ) ફેલાવવાની પ્રોફાઈલ ધરાવતા અસામાજિક તત્વોને પોલીસ દ્વારા ખાસ રડાર પર લેવામાં આવ્યા છે.

આ સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કોમી રીતે સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં મોડી રાત સુધી સઘન કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે રથયાત્રાના સમગ્ર રૂટ પર આવેલા મકાનોના ધાબાઓ પર ડ્રોન કેમેરાની મદદથી તીક્ષ્ણ નજર રાખવામાં આવી રહી છે. આ કડક ચેકિંગ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે એક આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરવામાં પણ મોટી સફળતા મેળવી છે, જેમાં પોલીસે ૯ ગેરકાયદેસર ઘાતક હથિયારોના જથ્થા સાથે ૫ રીઢા આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

# અમદાવાદ શહેરમાં રથયાત્રા અગાઉ પોલીસનું સઘન કોમ્બીંગ :૧૮૦થી વધુ આરોપીઓની કરાઈ ધરપકડ

## ઝોન-૭ ડીસીપીના માર્ગદર્શન હેઠળ ઓપરેશન ક્લીન સ્વીપ મેગા કોમ્બિંગ

અમદાવાદ,

અમદાવાદમાં આગામી રથયાત્રાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝોન-૭ ડીસીપીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલા ઓપરેશન ક્લીન સ્વીપ મેગા કોમ્બિંગ દરમિયાન મોટી સંખ્યામાં આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદમાં રથયાત્રા પૂર્વે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારની ઉજવણી થઈ શકે તે માટે પોલીસ દ્વારા વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે ઝોન-૭ ડીસીપીના માર્ગદર્શન હેઠળ ઓપરેશન ક્લીન સ્વીપ મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ સંયુક્ત રીતે શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને કોમ્બિંગ હાથ ધર્યું હતું.

આ મેગા કોમ્બિંગ દરમિયાન પોલીસે કુલ ૧૮૦થી વધુ આરોપીઓ સામે કાર્યવાહી કરી હતી. કાર્યવાહી દરમિયાન પ્રોહિબિશનના ગુનાઓ, સ્ફ એક્ટ હેઠળના ગુનાઓ તેમજ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે કાયદા મુજબ તમામ આરોપીઓ સામે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

વેજલપુર, સરખેજ, સેટેલાઈટ, વાસણા, પાલડી, એલિસબ્રિજ અને બોડકદેવ સહિતના વિસ્તારોમાં આ વિશેષ કોમ્બિંગ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. પોલીસની અલગ-અલગ ટીમોએ પોતાના વિસ્તારમાં સઘન તપાસ કરી હતી અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખી હતી. આ દરમિયાન વિવિધ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા તેમજ લાંબા સમયથી પોલીસને વોન્ટેડ રહેલા આરોપીઓને પણ ઝડપી લેવામાં સફળતા મળી હતી. તહેવાર દરમિયાન કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ ગુનાખોરી પર નિયંત્રણ મેળવવા માટે આ વિશેષ મેગા કોમ્બિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વાપીના છીરીમાં ૧૨ કિલો ગાંજા અને દેશી તમંચા સાથે બે શખ્સ પકડાયા

## પોલીસે ગાંજાનો જથ્થો, તમંચો, બે મોબાઈલ, વજનકાંટો સહિત કુલ રૂ.૬.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

વલસાડ,

વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચે વાપીના છીરી ખાતે આવેલી ચાલીની રૂમમાં છાપો મારી ૧૨.૨૫૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો, દેશી તમંચો, મોબાઈલ સહિત રૂ.૬.૨૮ લાખનો જપ્ત કર્યો હતો. જ્યારે બે આરોપીની ધરપકડ કરી ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે ટીમે વાપીના છીરી વડીયાવાડમાં કેયુર પટેલની ચાલીની રૂમમાં છાપો માર્યો હતો. છાપા દરમિયાન બે શખ્સો હાજર મળી આવ્યા હતા. પોલીસે રૂમમાં તપાસ કરતા લીલાસ પડતા વનસ્પતિજન્ય પાવડર ભરેલી કોથળીઓ મળી આવી હતી. પોલીસે એફએસએલની મદદથી હાથ ધરેલા પરિક્ષણમાં ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. રૂમમાં સઘન તપાસ કરતા દેશી બનાવટનો તમંચો પણ મળી આવ્યો હતો.

પોલીસે રૂ.૬.૧૨ લાખની કિંમતનો ૧૨.૨૫૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો, તમંચો, બે મોબાઈલ, વજનકાંટો સહિત કુલ રૂ.૬.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બે આરોપી પિન્ટુ સત્યનારાયણ ભગત જયસ્વાલ ( અને ત્રિપુરારીકુમાર હૃદય નારાયણ યાદવની ધરપકડ કરી હતી. બન્ને આરોપીની પુછપરછમાં કેયુર નવનીતભાઈ પટેલ (રહે. છીરી વડીયાવાડ, વાપી), કલીમ ઉર્ફે હકલા અલીમુદીન સૈયદ (રહે. ગાયત્રીનગર, કોપરલી રોડ, છીરી, વાપી) અને લલનકુમાર સત્યનારાયણ ભગત (રહે. છીરી, વાપી) અને વિશાલ (રહે. છીરી વડીયાવાડ, વાપી)ની સંડોવણી બહાર આવી છે. ડુંગરા પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કલીમ, લલનકુમાર અને વિશાલને વોન્ટેડ જાહેર કર્યા છે.

# સુરતમાં સરસ્વતી અને ભીમનગર આવાસના જર્જરિત મકાનોમાં રહેતા પરિવારો દ્વારા વિરોધ પ્રદર્શન

## અનેક રજૂઆતો અને પત્રો આપવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી

સુરત,

શહેરના ભેસ્તાન વિસ્તારમાં આવેલા સરસ્વતી આવાસ અને ભીમનગર આવાસના જર્જરિત મકાનોમાં રહેતા પરિવારો દ્વારા એસએમસીની તાપી ભવન કચેરી ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ધોધમાર વરસાદ વચ્ચે પણ મહિલાઓ, વૃદ્ધો અને બાળકો સહિતના રહીશોએ પાલિકા સામે સૂત્રોચ્ચાર કરીને પોતાની વર્ષો જૂની માંગણીઓનો ઉગ્ર અવાજ ઉઠાવ્યો હતો. અસરગ્રસ્તોનો આક્ષેપ છે કે, છેલ્લા ૧૧ વર્ષથી સતત રજૂઆતો કરવા છતાં પાલિકા તંત્ર દ્વારા ન તો પુનઃવિકાસ કરવામાં આવ્યો છે અને ન તો વૈકલ્પિક આવાસ કે ભાડાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરત મનપા. ના તાપી ભવન કચેરી ખાતે ચાલુ વરસાદમાં આવાસના અસરગ્રસ્તોનો એક મોરચો આવ્યો હતો. વરસતા વરસાદમાં અસરગ્રસ્તોએ આક્ષેપ કર્યો હતો કે, ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના હેઠળ તેમને પાકા મકાનો ફાળવવામાં આવ્યા હતા, પરંતુ નબળી ગુણવત્તાના બાંધકામને કારણે મકાનો થોડા જ વર્ષોમાં જર્જરિત બની ગયા હતા. છેલ્લા ઘણા વર્ષોથી સ્લેબના પોપડા પડવા સહિતની ઘટનાઓ વચ્ચે લોકો જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે. અનેક રજૂઆતો અને પત્રો આપવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી.

વિરોધ દરમિયાન વરસાદ શરૂ થતાં પણ અસરગ્રસ્તો સ્થળ પરથી હટ્યા નહોતા ધોધમાર વરસાદની વચ્ચે પણ પુરુષો, મહિલાઓ અને વૃદ્ધો કચેરીની બહાર ઊભા રહ્યા હતા અને પલળતા પલળતા પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરવાનું ચાલુ રાખ્યું હતું. આવી રીતે પણ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, મકાનો ખાલી કરવા દબાણ કરવામાં આવે છે, પરંતુ રહેવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે ભાડું આપવામાં આવતું નથી જેના કારણે અસરગ્રસ્તની હાલત કફોડી થઈ રહી છે.

# પ્રથમવાર સાઉથ કોરીયન ટેકનોલોજીથી રાજ્યમાં બનશે બે 'એર-ફિલ્ડ રબર ડેમ'

છોટાઉદેપુર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાનને વધુ વેગ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી સિંચાઈ અને પાણીની સુવિધા સુદ્રઢ કરવાના ધ્યેય સાથે અનેકવિધ ભગીરથ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ નજીક હેરણ નદી પર અત્યાધુનિક 'રાજવાસણા રબર ડેમ' તેમજ તાપી જિલ્લામાં ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે અંબિકા નદી પર આમ બે આધુનિક રબર ડેમ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે જે હાલમાં નિર્માણાધિન છે. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શનમાં રાજવાસણા ખાતે અંદાજે રૂ. ૮૨.૯૭ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર આ અનોખો રબર ડેમ આગામી ૩૦ મહિના એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આ ડેમ તૈયાર થવાથી આજુબાજુના ૨૫ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે સીધો ફાયદો થશે. જ્યારે તાપીની અંબિકા નદી પર પાઠકવાડી ગામે રૂ. ૭૯ કરોડથી વધુના ખર્ચે જાપાનીઝ ડિઝાઈન આધારિત અદ્યતન 'રબર ડેમ' તૈયાર કરવામાં આવી રહ્યા છે.. આ ડેમ તૈયાર થવાથી અંદાજે ૬૫૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે જેનો સીધો ફાયદો સ્થાનિક ખેડૂતોને થશે. આ પ્રોજેક્ટ અંતર્ગત હેરણ નદી પર ૧૮૦ મીટરની લંબાઈ અને ૩.૫ મીટરની ઉંચાઈ ધરાવતું આધુનિક રબર બ્લેડર સ્થાપિત કરવામાં આવશે. આ રબર ડેમ ટેકનોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તેનાથી હયાત જુના આડબંધની પાણી સંગ્રહ ક્ષમતામાં અભૂપૂર્વ વધારો થશે અને કુલ ૩.૫ મિલિયન ક્યુબિક મીટર- સ્ઝ્સ પાણીનો જથ્થો સંગ્રહિત કરી શકાશે. જેના પરિણામે આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સ્તર ખૂબ ઊંચા આવશે જેથી સરળતાથી સિંચાઈ અને પીવાનું પાણી ઉપલબ્ધ થશે. હાલની સ્થિતિએ આ ડેમનું ૭૫ ટકા કામ પૂર્ણ થયું છે.

જુના આડબંધમાં જમા થતી રેતી અને કાંપને કારણે પાણીની સંગ્રહ ક્ષમતા ઘટતી હતી, હવે રબર ડેમ પદ્ધતિથી આ સિલ્ટનો સંપૂર્ણ નિકાલ શક્ય બનશે. પૂરથી રક્ષણ ([illegible]): ચોમાસા દરમિયાન ભારે પૂરની સ્થિતિમાં રબર ડેમને 'ડીફ્લેટ' (હવા કાઢીને બેસાડી) કરી શકાશે, જેથી પૂરના પાણીનો ઝડપી નિકાલ થતાં આસપાસના ગામોને નુકસાનથી બચાવી શકાશે. નદીના ડાબા કાંઠે ૯૦૦ મીટર અને જમણા કાંઠે ૫૦૦ મીટર લાંબી ફ્લડ પ્રોટેક્શન વોલ (સંરક્ષણ કાર્ય) પણ કરવામાં આવશે. આ કોન્ટ્રાક્ટમાં જ આગામી ૧૦ વર્ષ સુધી ઓપરેશન અને મેઈન્ટેનન્સ (શ્સ) નો સમાવેશ થાય છે, જેથી ટેકનિકલ સુવિધા અવિરત કાર્યરત રહેશે. ૨૫ ગામોના ૩૪૨૦ હેક્ટર વિસ્તારને મળશે સંજીવની: આ રબર ડેમ સાકાર થવાથી આડબંધ આધારિત નહેરો દ્વારા વિસ્તારના ખેડૂતોને રવી (શિયાળુ) અને ખરીફ (ચોમાસુ) એમ બંને સિઝનમાં ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે. એટલું જ નહીં, ભવિષ્યમાં રાજવાસણા આડબંધ યોજનાની નહેરોને આસપાસના ૨૫ જેટલા લાભદાયી ગામોના તળાવો સાથે જોડી દેવામાં આવશે.

# લોકોની સેવા એ જ આત્મસંતોષ અને સુખ મેળવવાનું સર્વોત્તમ માધ્યમ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## રાજ્યપાલ સાથે GAS કેડરમાંથી IASમાં પ્રમોટ થયેલા અધિકારીઓની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર,

ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ - જી.એ.એસ. કેડરમાંથી ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ - આઈ.એ.એસ. કેડરમાં પ્રમોટ થયેલા અધિકારીઓએ ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. રાજ્યપાલશ્રીએ તમામ અધિકારીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ઈશ્વરે આપણને બધાને સમાજ અને પ્રજાની સેવા કરવાનો બહુ મોટો અવસર આપ્યો છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં કોઈને કોઈ



વિશેષતા લઈને જન્મે છે અને જો તે વિશેષતા પર ધ્યાન કેન્દ્રિત કરીને કામ કરવામાં આવે તો સમાજને તેનો મોટો લાભ મળે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જે રીતે વિકસિત ભારત જ ૨૦૪૭ના સંકલ્પને આગળ વધારી રહ્યા છે, તેમાં આપણે સૌએ સાથે મળીને આવનારી પેઢીઓ માટે યોગદાન આપવું જ જોઈએ. લોકોની સેવા એ જ આત્મસંતોષ અને સુખ મેળવવાનું સર્વોત્તમ માધ્યમ છે.બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓએ પોતાના અનુભવો વર્ણવતા જણાવ્યું હતું કે, તેઓ વર્ષ ૨૦૦૫થી ગુજરાતમાં વહીવટી સેવાઓ આપી રહ્યા છે. વર્ષ ૨૦૦૫ પછીનો સમયગાળો ઈ-ગવર્નન્સનો સંક્રાંતિકાળ હતો, જેમાં ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દાખલ થઈ રહી હતી. તે સમયે મહેસૂલી રેકોર્ડ, રેશન કાર્ડ અને જમીન નોંધણીના જૂના રેકોર્ડ્સને કમ્પ્યુટરાઈઝ્ડ કરવા માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો અને લોકોને આ નવી વ્યવસ્થા સમજાવવી પડી હતી. રાજ્યપાલશ્રીએ અધિકારીઓની આ મહેનતને બિરદાવતા કહ્યું કે, તમારી આ મહેનત આવનારી પેઢીઓને ખૂબ કામ લાગશે.રાજ્યપાલશ્રીએ તમામ નવનિયુક્ત આઈ.એ.એસ. અધિકારીઓને અપીલ કરી હતી કે, તેઓ ફિલ્ડમાં પોતાના પોસ્ટિંગ દરમિયાન પ્રાકૃતિક કૃષિ મિશનમાં વિશેષ રુચિ દાખવે. તેમણે પર્યાવરણ અને સ્વાસ્થ્યની ચિંતા કરતા કહ્યું કે, જો આ પૃથ્વી પર શરીર અને જીવન જ સુરક્ષિત નહીં હોય, તો કશું જ બચશે નહીં; ના કોઈ સંબંધો રહેશે, ના કોઈ હોદ્દો. રાસાયણિક ખાતરોથી આખું વાતાવરણ દૂષિત થઈ ગયું છે.

## જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણીના હસ્તે

# જામનગરના રણમલ તળાવ ખાતે પ્રાકૃતિક ખેતપેદાશ વેચાણ કેન્દ્ર ખુલ્લું મુકાયું







જામનગર : જામનગર શહેરના હાર્દ સમાન રણમલ તળાવ ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટ, જામનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણીના હસ્તે તથા જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશાની વિશેષ ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રનો મુખ્ય આશય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની રસાયણમુક્ત પેદાશો માટે નિયમિત-વિશ્વસનીય બજાર પૂરું પાડવાનો અને શહેરી ગ્રાહકોને સીધા જ ખેડૂતો પાસેથી ગુણવત્તાસભર ઓર્ગેનિક ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે.લોકાર્પણ બાદ મહાનુભાવોએ વેચાણ કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક ખેતી કરતા ધરતીપુત્રો સાથે આત્મીય સંવાદ સાધી તેમના પ્રશંસનીય પ્રયાસોને બિરદાવ્યા હતા.

સામાન્ય રીતે ખેડૂતો માટે ઉત્પાદન પછી બજાર વ્યવસ્થા અને યોગ્ય ભાવ મેળવવો એ સૌથી મોટો પડકાર હોય છે. આ પડકારના કાયમી ઉકેલ તરીકે આ કેન્દ્ર શરૂ કરાયું છે. અહીં કોઈ વચેટિયા કે મધ્યસ્થી ન હોવાથી ખેડૂતોને તેમની મહેનતનું પૂરું વળતર મળશે, જ્યારે બીજી તરફ જામનગરના નાગરિકોને તાજી, ગુણવત્તાસભર અને સંપૂર્ણ રસાયણમુક્ત કૃષિ પેદાશો એક જ સ્થળેથી વ્યાજબી ભાવે પ્રાપ્ત થશે. આ પહેલથી લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ વધશે અને પ્રાકૃતિક કૃષિ પ્રત્યેનો ભરોસો વધુ દ્રઢ બનશે.

"પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ જમીનની ફળદ્રુપતા, જળ સંરક્ષણ અને પર્યાવરણના રક્ષણ સાથે સમાજને તંદુરસ્ત જીવનશૈલી તરફ દોરી જતી એક લોકચળવળ છે. ખેડૂતો અને ગ્રાહકો વચ્ચેનો આ સીધો સંપર્ક કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવશે.

લોકાર્પણ પ્રસંગે જિલ્લાના આશરે ૫૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્ર પર ખેડૂતો દ્વારા કુદરતી પદ્ધતિથી પકવેલા અનાજ, કઠોળ, મસાલા, તેલીબિયાં, ગાયનું શુદ્ધ ઘી, દૂધ, ગુલકંદ, દેશી ગોળ, અથાણાં, વિવિધ મૂલ્યવર્ધિત ખાદ્ય ચીજો તેમજ ઋતુગત તાજા શાકભાજી અને ફળોનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધિકારીઓએ દરેક સ્ટોલની મુલાકાત લઈ ઉત્પાદનોના પેકેજિંગ અને ગુણવત્તાની બારીકાઈથી માહિતી મેળવી હતી.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા જિલ્લામાં તાલીમ કેન્દ્રો, ખેડૂત પરિસંવાદો અને મોડેલ ફાર્મની મુલાકાતો થકી મોટું જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેના કારણે સેંકડો ખેડૂતો કેમિકલમુક્ત ખેતી તરફ વળ્યા છે. આગામી સમયમાં જિલ્લામાં આવા વધુ વેચાણ કેન્દ્રો શરૂ કરવા, ખેડૂતોના ઉત્પાદનોનું બ્રાન્ડિંગ-પેકેજિંગ મજબૂત કરવું અને ખેડૂતોની આવક બમણી કરવા માટે તંત્ર દ્વારા સઘન આયોજન હાથ ધરવામાં આવશે.

# સિક્કામાં બહેનને છોડાવવા વચ્ચે પડેલ મહિલા પર ધોકા વડે હુમલો

જામનગર : જામનગર જિલ્લાના સિક્કા વિસ્તારમાં પાડોશીઓ વચ્ચેના જૂના મનદુ:ખને કારણે થયેલી મારામારીમાં એક મહિલાને લાકડાના ધોકાથી ઈજા પહોંચાડવામાં આવતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગે સિક્કા પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૫૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ સિક્કાના કારા ભુંગા વિસ્તારમાં નિમાઝ કોલોનીમાં રહેતી જ્યોત્સનાબેન ગોપાલભાઈ સોલંકીએ પોલીસ ફરિયાદ કરીને જણાવ્યું છે કે તે પોતાના પિયર ખાતે રહે છે. સાંજના સમયે તેમના પાડોશમાં રહેતા કાંતિભાઈ ઉર્ફે કિશનભાઈ મકવાણા અને તેમની પત્ની જ્યોતિબેન ઘર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની બહેન પુષ્પાબેન સાથે જૂના મનદુ:ખના કારણે બોલાચાલી શરૂ થઈ હતી. બહેનને છોડાવવા માટે જ્યોત્સનાબેન વચ્ચે પડતાં કિશનભાઈએ ત્યાં પડેલો લાકડાનો ધોકો લઈને તેમના કપાળ પર એક ઘા તથા ડાબા હાથના કાંડા પર એક ઘા માર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

દરમિયાન જ્યોતિબેન અને પુષ્પાબેન વચ્ચે પણ જપાઝપી થઈ હતી. બાદમાં કિશનભાઈ પોતાના પરિવારના અન્ય સભ્યોને બોલાવી લાવ્યા હતા અને બોલાચાલી તથા ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત જ્યોત્સનાબેન ને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ સિક્કા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમના કપાળ પર પાંચ ટાંકા લેવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. આ બનાવ અંગે સિક્કા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર જિલ્લામાં દારુના પાંચ દરોડામાં પાંચ શખ્સોની અટકાયત

જામનગરઃ જામનગર જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટના અસરકારક અમલીકરણ માટે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન જિલ્લાના અલગ-અલગ પોલીસ મથકોની ટીમોએ વિદેશી દારૂ રાખવા અને વહન કરવા બદલ કુલ પાંચ અલગ-અલગ ગુનાઓ નોંધ્યા છે. આ કાર્યવાહીમાં ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે એક આરોપી ફરાર થઈ ગયો હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સત્યમ કોલોની ખાતે એક વ્યક્તિ પાસેથી પરમીટ વગર રાખેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની એક શીલબંધ બોટલ કિંમત રૂ. ૫૦૦ સાથે ઝડપી પાડી ગુનો નોંધવામાં આવ્યો હતો.

તે જ દિવસે સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોકુલનગર જકાતનાકા નજીક અન્ય એક વ્યક્તિ પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની એક શીલબંધ બોટલ કિંમત રૂ. ૧,૧૧૦ સાથે કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામજોધપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તરસાઈ ગામના ઉદરીયા નેશ ખાતે કરવામાં આવેલી રેડ દરમિયાન એક આરોપીના કબજામાંથી પરમીટ વગર રાખેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની એક બોટલ કિંમત રૂ. ૯૦૦ સાથે જપ્ત કરી ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પંચકોશી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરેડ ગામ પાસે કરવામાં આવેલી કાર્યવાહીમાં એક આરોપી પોતાની મોટરસાયકલ મૂકીને ફરાર થઈ ગયો હતો. સ્થળ પરથી ભારતીય બનાવટની વિદેશી દારૂના ચાર ચપટા કિંમત રૂ. ૫૬૦ તથા અંદાજિત રૂ. ૪૦,૦૦૦ કિંમતની મોટરસાયકલ કબજે લેવામાં આવી હતી.

આ તમામ કાર્યવાહી દરમિયાન કુલ વિદેશી દારૂની સાત બોટલ/ચપટા તથા અન્ય મુદ્દામાલ મળી કુલ અંદાજિત રૂ. ૪૩,૦૭૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જામનગર જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટના કડક અમલ માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગેરકાયદેસર રીતે દારૂનો સંગ્રહ, વેચાણ અને પરિવહન કરતા તત્વો સામે આગામી સમયમાં પણ કડક કાર્યવાહી યથાવત્ રાખવામાં આવશે.

# જામનગરના સેતાવાડ સહિતના વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા રહેવાસીઓની કલેકટરને રજૂઆત





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : બાબા બર્ફાનીના દર્શન કરવા અમરનાથ યાત્રાએ ગયેલા જામનગરના રહેવાસી પ્રવીણભાઈ પરમાર નામના ૬૧ વર્ષના વૃદ્ધનું યાત્રા દરમિયાન હાર્ટ એટેક આવતાં અવસાન થયું છે. તેઓ તા. ૩૦ જૂનના રોજ જામનગરથી અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થા સાથે રવાના થયા હતા. પવિત્ર અમરનાથ ગુફાથી આશરે ૩ થી ૪ કિલોમીટર દૂર આવેલી કાલી માતાજીના મંદિર નજીક તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો.

પ્રવીણભાઈ પરમાર સૌપ્રથમ જમ્મુ ખાતે રોકાયા હતા. ત્યારબાદ તા. ૨જુલાઈએ શ્રીનગર પહોંચ્યા અને તા. ૩ જુલાઈએ બાલતાલ બેઝ કેમ્પ ખાતે પહોંચ્યા હતા. તા. ૪ જુલાઈના રોજ તેમણે બાલતાલ રૂટ પરથી પવિત્ર અમરનાથ ગુફા તરફની યાત્રા શરૂ કરી હતી. યાત્રા દરમિયાન કાલી માતાજીના મંદિર નજીક તેમની તબિયત અચાનક બગડતાં તેઓ બેભાન થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ શ્રાઈન બોર્ડના અધિકારીઓ અને સુરક્ષા જવાનોએ તાત્કાલિક તેમને નજીકના મેડિકલ કેમ્પમાં ખસેડી પ્રાથમિક સારવાર આપી હતી. જોકે, ડૉક્ટરોએ તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શક્યા નહોતા અને સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.

નિધન બાદ તેમના પાર્થિવ દેહને સૌપ્રથમ સોનમર્ગ લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રીનગર એરપોર્ટથી હવાઈ માર્ગે દિલ્હી અને ત્યાંથી વડોદરા એરપોર્ટ લાવવામાં આવ્યો હતો. વડોદરાથી એમ્બ્યુલન્સ મારફતે તેમનો પાર્થિવ દેહ જામનગર લાવવામાં આવ્યો હતો. અમરનાથ યાત્રા દરમિયાન બનેલી આ દુ:ખદ ઘટનાથી જામનગર શહેરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પરિવારજનો, સગા-સંબંધીઓ અને યાત્રાળુઓએ પ્રવીણભાઈ પરમારના અવસાન પર ઊંડી શોકભાવના વ્યક્ત કરી છે.

# જામનગરમાં જુની અદાવતમાં યુવાન પર ચાર શખ્સોનો હિંચકારો હુમલો

## લાકડાના ધોકા, સળીયા અને છરીથી હુમલો, મોબાઈલ તોડી નાખ્યો

જામનગર : જામનગરના ગુલાબનગર વિસ્તારમાં મોટરસાયકલ ચલાવવા બાબતે બે મહિના અગાઉ થયેલી સામાન્ય બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સોએ એક યુવાન પર જીવલેણ હુમલો કરતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સમગ્ર મામલે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગુલાબનગર આદિત્યપાર્ક શેરી નંબર–૨માં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા મોઈન હનીફભાઈ જીવરાણી (ઉંમર ૨૨) તા. ૬ જુલાઈની મધરાતે પોતાના મિત્ર સમીર સુમરા સાથે ગુલાબનગર સ્થિત તાજ હોટલ પાસે ચા પીવા ઊભા હતા. તે દરમિયાન અશરફ સુમરા લાકડાનો ધોકો, આફતાબ સુમરા લોખંડનો સળીયો તથા તેમની સાથે યુવી તરીકે ઓળખાતો શખ્સ અને અનીશ સુમરા ત્યાં આવી પહોંચ્યા હતા.

આરોપીઓએ ફરિયાદીને મોટરસાયકલ ઝડપથી ચલાવવા મુદ્દે બોલાચાલી કરી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીએ વિરોધ કરતાં અશરફ સુમરાએ લાકડાના ધોકાથી માથાના ડાબા ભાગે કાન ઉપર ઘા મારી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ ફરિયાદી પોતાના પિતાને ફોન કરવા જતા તેના હાથમાં રહેલા મોબાઈલ પર પણ ધોકાનો ઘા મારતા આશરે રૂ. ૧,૫૦૦ની કિંમતનો મોબાઈલ તૂટી ગયો હતો.

ફરિયાદી ત્યાંથી બચવા ભાગતા આફતાબ સુમરાએ લોખંડના સળીયાથી ડાબા પગના ગોઠણ નીચેના ભાગે ઘા માર્યો હતો. દરમિયાન યુવી તરીકે ઓળખાતા શખ્સે છરી કાઢી હુમલો કરવાનો પ્રયાસ કરતાં ફરિયાદીએ છરી પકડી લેતા તેના જમણા હાથની આંગળીઓ અને અંગૂઠા નીચેના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં સારવાર દરમિયાન આશરે અગિયાર ટાંકા લેવા પડ્યા હતા. ડાબા પગમાં પણ ચાર જેટલા ટાંકા આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. અનીશ સુમરાએ પણ ઢીંકા-પાટુનો માર માર્યો હતો.

ફરિયાદીની બૂમાબૂમ સાંભળી લોકો ભેગા થતાં આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા. જતાં જતાં અશરફ સુમરાએ ફરીથી વિસ્તારમાં મોટરસાયકલ ઝડપથી ચલાવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ફરિયાદીને મિત્ર સમીર સુમરા અને જુનેદ વાઘેરે સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તેને સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે લગભગ બે મહિના અગાઉ મોટરસાયકલ ચલાવવા મુદ્દે અશરફ સુમરા અને યુવી સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી, જેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# કાલાવડમાં માનસિક બીમારી અને આર્થિક સંકડામણથી યુવાને ખાધો ગળાફાંસો

જામનગર : કાલાવડ શહેરના વિકાસ કોલોની, આંબેડકનગર વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષીય યુવકે માનસિક બીમારી અને આર્થિક સંકડામણના કારણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ, સાગરભાઈ ઉર્ફે ભીખો હરીભાઈ ચાવડા (ઉં.૨૬), (રહે. વિકાસ કોલોની, આંબેડકનગર, કાલાવડ) છેલ્લા ઘણા સમયથી મગજની બીમારીથી પીડાતા હતા અને તેમની સારવાર ચાલી રહી હતી. છેલ્લા બે મહિનાથી તેમની તબિયત વધુ બગડતાં તેઓ કોઈ કામધંધો કરી શકતા ન હતા અને આર્થિક સંકડામણમાં રહેતા હતા. જેના કારણે તેઓ ગુમસુમ રહેતા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

દરમિયાન તા. ૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ માનસિક બીમારી અને આર્થિક સંકડામણથી કંટાળી તેમણે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે કાલાવડમાં ફરીયાદ નોંધવામાં આવી હતી. પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સલાયામાં રૂા. ૨૦ની નોટોની ભારે અછત, બેંકો પાસે પણ નથી




સલાયા : સલાયામાં હમણાં છેલ્લા ઘણા સમયથી રૂપિયા પાંચ, દસ અને વીસની નોટ તેમજ સિક્કાઓની ભારે અછત જોવા મળી રહી છે. બેંકો પાસે પણ નાનું ચલણ નથી એવું કહેવામાં આવે છે.

હાલ લોકોને વસ્તુ ખરીદવા માટે છૂટા પૈસા આપવામાં ભારે તકલીફ પડી રહી છે. દુકાનોમાં વેપારી પાસે પણ આ નાના ચલણની નોટો અને સિક્કાઓની ભારે અછત છે જેથી ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે પણ સંઘર્ષો ઉદભવે છે. વેપારી દ્વારા કરંટ ખાતા જે બેંકોમાં છે એમને બેંક પાસે માંગણીઓ કરી છતાં બેંક દ્વારા સિક્કા અથવા નોટો આપવામાં આવતી નથી.

જેથી સમગ્ર સલાયા વિસ્તારમાં ભારે મુશ્કેલી પડી રહી છે. ફિશીંગ બંધ હોવાથી લોકો પોતાના પરિવારના સારા પ્રસંગો એટલે જે લગ્ન કરે છે. જેથી આવા પ્રસંગ વારા ઘરોમાં પણ ૧૦ અને ૨૦ રૂપિયાની નોટોની જરૂરત ઊભી થાય છે. વળી નાના વેપારીઓ જેવા કે આઈસક્રીમ, ઠંડા પીણા તેમજ અનાજ અને રાશનની દુકાનદારો તેમજ ગેસ એજન્સીઓ વગેરે ધંધામાં છૂટા પૈસાની અછત હોય જેથી તકલીફ પડી રહી છે. હવે વેપારીઓ લિડ બેંક અને રિજિયોનલ ઓફિસ સામે આશા માંડીને બેઠા છે કે હવે એ કઈ રસ્તો કરી આમ પ્રજાના પ્રશ્નનું નિરાકરણ લાવે. ૧૦ અને ૨૦વાળા સિક્કા પણ જો બેંક દ્વારા વિતરણ કરાઈ તો સલાયામાં છૂટા પૈસા પ્રશ્ન હલ થઈ શકે એમ છે.

**પશ્ચિમ રેલવ – ભાવનગર ડિવિઝન**

**કવર શેડની જોગવાઈ**

**નંબર DRM/EL/BVP/2026-27/04; તારીખ: 06/07/2026;** ડિવિઝનલ રેલવે મેનેજર ની ઓફિસ, ભાવનગર પરા; **ક્રમાંક: (01); ઇ-ટેન્ડર નંબર: BVP-EL-P-10-2026-27-R4; કાર્યનું નામ:** ભાવનગર મંડળ: બેસવાની વ્યવસ્થા સાથે 16 × 7 કવર શેડની જોગવાઈ; **ટેન્ડર મૂલ્ય:** ₹ 56,10,990.00; **EMD:** ₹ 1,12,200/-; **બિડિંગ શરૂ કરવાની તારીખ:** 17/07/2026; **બિડિંગ બંધ કરવાની તારીખ:** 28/07/2026; **વધુ માહિતી માટે www.ireps.gov.in પર લોગિન કરો.** BVP – 075

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ મંડળ**

**લિફ્ટ માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/2026-2027/15 & 16 (EL) તારીખ 04.07.2026; કાર્યાલયનું સરનામું:** મંડલ રેલ પ્રબંધક (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001; **વેબસાઇટ: "www.ireps.gov.in"** **અનુ ક્રમાંક (1)** **ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/15; (i) કામનું નામ:** રાજકોટ મંડળ: સુરેન્દ્રનગર સ્ટેશનના પ્લેટફોર્મ નં. 01 પર સ્થાપિત 01 પેસેન્જર લિફ્ટના 03 વર્ષના સમયગાળા માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર. **(ii) અંદાજિત કિંમત:** ₹ 6,96,528/-; **(iii) ઇએમડી ખર્ચ:** ₹ 13,900/-; **અનુ ક્રમાંક (2)** **ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/16; (i) કામનું નામ:** રાજકોટ મંડળ: હાપા સ્ટેશનના પ્લેટફોર્મ નં. 01 અને 02 પર સ્થાપિત લિફ્ટના 03 વર્ષના સમયગાળા માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર; **(ii) અંદાજિત કિંમત:** ₹ 13,93,056/-; **(iii) ઇએમડી ખર્ચ:** ₹ 27,900/-; **ઉપરોક્ત બંને ટેન્ડર માટે: ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તા. 27.07.2026 ના રોજ 15:00 કલાક સુધી. RJT – 071

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# જામનગરમાં આધેડને છાતીમાં દુ:ખાવો ઉપડતાં મોત નિપજ્યું

જામનગર : જામનગર શહેરના સાંઢીયા પુલ પાસે આવેલા મહાલક્ષ્મી બંગલોમાં રહેતા નિવૃત્ત મોહનભાઈ કારાભાઈ પરમાર (ઉં. ૬૦)નું છાતીમાં અચાનક દુખાવો ઉપડતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ મોહનભાઈ પરમાર છેલ્લા આશરે ચાર વર્ષથી ડાયાબિટીસની બીમારીથી પીડાતા હતા અને નિયમિત સારવાર તથા દવા લેતા હતા. તા. ૫ જુલાઈના રોજ દવા લઈ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડ્યો હતો. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જી.જી. હોસ્પિટલમાં ફરજ પરના તબીબે મોહનભાઈ પરમારને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે સીટી 'સી' પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘ્રામણીનેસમાંથી ૨૪૦૦ લીટર દેશી દારૂનો આથો મળી આવ્યો

ખંભાળિયા : ભાણવડ પંથકના ઘ્રામણીનેસ વિસ્તારમાં સ્થાનિક પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવી ત્યાંથી ૬૦ હજારની કિંમતનો દેશી દારૂ બનાવવાનો કાચો આથો મળી આવતા કબ્જે કરી શખ્સ હાજર નહી મળી આવતા તેને ફરાર જાહેર કરી શોધખોળ આરંભી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ તાલુકાના ઘ્રામણી નેસ વિસ્તારમાં બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહી ડુંગરની ભીતમાં બાવળની જાળીમાંથી દેશી દારૂ બનાવવાનો ૨૪૦૦ લીટર કાચો આથો મળી આવતા રૂ. ૬૦ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ પરબતભાઈ જીવણભાઈ મોરી નામના શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

# આરંભડા અને દ્વારકામાં જુગાર રમતા છ શખ્સની અટકાયત

દ્વારકા : આરંભડામાં તીનપત્તીનો જુગાર રમતા ચાર શખ્સની અને દ્વારકામાં એકીબેકીનો જુગાર રમતા બેની સ્થાનિક પોલીસે દરોડા દરમિયાન અટકાયત કરી કુલમળી રૂ. ૧૨૦૦ ની રોકડ રકમ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા તાલુકાના આરંભડા ગામે આંબેડકર સોસાયટી વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા અશોકભાઈ કુંભાભાઈ માંગલીયા, જીવાભાઈ મુરુભાઈ ચાનપા, વાલાભાઈ દેવાભાઈ માંગલીયા અને મંગાભાઈ ઉર્ફે કરણ મુરુભાઈ ચાનપા નામના ચાર શખ્સને મીઠાપુર પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૮૫૦ની રોકડ રકમ કબ્જે કરી હતી. જ્યારે દ્વારકા શહેરમાં ટીવી સ્ટેશન, ચોકડી પાસે જાહેરમાં એકીબેકી નામનો જુગાર રમતા વરજાંગભા હમીરભા કેર અને ડાડુભા રાજાભા બઠીયા નામના બે શખ્સને દ્વારકા પોલીસે રૂ. ૩૫૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# નવી ઊંચાઈએ ભારત-જાપાન મૈત્રી

ભારત અને જાપાન વચ્ચેના સંબંધો છેલ્લા ઘણા દાયકાઓથી વિશ્વાસ, પરસ્પર સન્માન અને વિકાસના મજબૂત પાયા પર ઊભા રહ્યા છે. હવે આ સંબંધો વધુ એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશ્યા છે. બંને દેશોએ કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), ઊર્જા, મહત્વના ખનિજો, સંરક્ષણ અને આર્થિક સુરક્ષા જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે નવા કરારો કર્યા છે. આ માત્ર બે દેશો વચ્ચેના કરારો નથી, પરંતુ બદલાતા વૈશ્વિક રાજકીય અને આર્થિક સમીકરણોમાં એશિયાના બે લોકશાહી દેશોની નવી દિશાનો સંકેત છે.આજના યુગમાં માત્ર વેપાર પૂરતો વિકાસનો આધાર રહ્યો નથી. ટેક્નોલોજી, ડિજિટલ અર્થતંત્ર, ઊર્જા સુરક્ષા, પુરવઠા શૃંખલાની વિશ્વસનીયતા અને સંરક્ષણ ક્ષમતા પણ રાષ્ટ્રીય પ્રગતિના મુખ્ય આધાર સ્તંભ બની ગયા છે. ભારત અને જાપાને આ હકીકતને સમજીને ભવિષ્યલક્ષી સહકારને પ્રાથમિકતા આપી છે. ખાસ કરીને છૈં ક્ષેત્રમાં બંને દેશોની ક્ષમતાઓ એકબીજાની પૂરક છે. ભારત પાસે વિશાળ માનવ સંસાધન, સોફ્ટવેર કુશળતા અને ડિજિટલ ઇકોસિસ્ટમ છે, જ્યારે જાપાન પાસે અદ્યતન ટેક્નોલોજી, સંશોધન અને ઉત્પાદન ક્ષેત્રે વિશ્વસ્તરીય અનુભવ છે. બંને દેશોનું સંયોજન વૈશ્વિક સ્તરે નવી તકો ઊભી કરી શકે છે.

ઊર્જા ક્ષેત્રમાં થયેલો સહકાર પણ એટલો જ મહત્વપૂર્ણ છે. વિશ્વમાં ચાલી રહેલા યુદ્ધો અને ભૂરાજકીય તણાવના કારણે ઊર્જા પુરવઠો અનિશ્ચિત બન્યો છે. આવી સ્થિતિમાં ભારત અને જાપાન વચ્ચે ઊર્જા સુરક્ષા માટેનું સહકાર માળખું બંને દેશોને લાંબા ગાળે લાભ આપશે. સ્વચ્છ ઊર્જા, વૈકલ્પિક ઇંધણ અને સ્થિર પુરવઠા વ્યવસ્થા તરફ બંને દેશોનું ધ્યાન આવકારદાયક છે. આ સહયોગ માત્ર અર્થતંત્રને મજબૂત બનાવશે નહીં, પરંતુ પર્યાવરણને અનુકૂળ વિકાસને પણ પ્રોત્સાહન આપશે .મહત્વના ખનિજોની ઉપલબ્ધતા આજના સમયમાં રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો બની ગઈ છે. સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રિક વાહનો, બેટરી અને અદ્યતન ઇલેક્ટ્રોનિક્સના ઉત્પાદન માટે આવા ખનિજોની સતત જરૂરિયાત રહે છે. વિશ્વના ઘણા દેશો આજે આ ખનિજોના પુરવઠા માટે મર્યાદિત સ્રોતો પર નિર્ભર છે. ભારત અને જાપાનનો સહકાર આ ક્ષેત્રમાં પુરવઠા શૃંખલાને વધુ સુરક્ષિત અને વૈવિધ્યસભર બનાવવામાં મદદરૂપ થઈ શકે છે.સંરક્ષણ ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે થયેલો પ્રથમ સહ-વિકાસ કરાર વિશેષ નોંધપાત્ર છે. આજના સમયમાં સુરક્ષા માત્ર સીમાઓની રક્ષા પૂરતી મર્યાદિત નથી. દરિયાઈ સુરક્ષા, સાયબર હુમલા, નવી ટેક્નોલોજી અને પ્રાદેશિક સ્થિરતા પણ એટલી જ અગત્યની બની ગઈ છે. ભારત અને જાપાન બંને લોકશાહી મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે અને મુક્ત તથા ખુલ્લા ઇન્ડો-પેસિફિક ક્ષેત્રના સમર્થક છે. તેથી સંરક્ષણ ક્ષેત્રમાં વધતો સહકાર સમગ્ર પ્રદેશમાં સ્થિરતા જાળવવામાં સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે.આર્થિક દૃષ્ટિએ પણ આ ભાગીદારીનું વિશેષ મહત્વ છે. જાપાન લાંબા સમયથી ભારતમાં સૌથી મોટા રોકાણકારોમાં સામેલ રહ્યું છે. બુલેટ ટ્રેનથી લઈને ઔદ્યોગિક વિકાસ અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધી અનેક ક્ષેત્રોમાં જાપાનનું યોગદાન રહ્યું છે. હવે નવા રોકાણો, ટેક્નોલોજી હસ્તાંતરણ અને ઔદ્યોગિક સહયોગ દ્વારા રોજગારીની નવી તકો ઊભી થશે અને ભારતીય અર્થતંત્રને વધુ ગતિ મળશે.જો કે માત્ર કરારો કરવાથી સફળતા મળતી નથી. કરારોનો સમયસર અમલ, પારદર્શક નીતિઓ, સંશોધન ક્ષેત્રમાં સહયોગ, કુશળ માનવબળનું નિર્માણ અને ખાનગી ક્ષેત્રની સક્રિય ભાગીદારી પણ એટલી જ જરૂરી છે.

# રફુચક્કર...

## દીકરીને શહેરમાં નોકરી મળી એટલે મમ્મી તેની સાથે ઘર વસાવીને રહેવા આવી પણ દીકરીની ચાલચલગત પર શંકા જતાં તેના પપ્પાને ગામડેથી અહીં રહેવા બોલાવ્યા ત્યારે એક દિવસ દીકરીનો લફંગો ફ્રેન્ડ ઘેર આવ્યો ને દીકરી તેની સાથે રફુચક્કર...

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

સવારનો સમય હતો. રમણલાલ ડ્રોઈંગરૂમમાં બેઠા બેઠા છાપુ વાંચી રહ્યા હતાં. એટલામાં એક અજાણ્યા માણસે બારણે ટકોરા માર્યા. રમણલાલે જાતે ઊભા થઈ બારણું ખોલ્યું " અંદર આવું કે ... " કહી આગંતૂકે ડ્રોઈંગ રૂમમાં પ્રવેશવાની કોશિશ કરી.


માનસી પૂજા ઘરમાં પૂજા કરી રહી હતી, એટલે રમણલાલે આવનારને પૂછ્યું 'આપને કોનું કામ છે? '

"તમારું તો નહીં જ, તમે કોણ છો ? દેખાવે તો માનસીના પપ્પા લાગતા નથી. " પેલા રૂઆબદાર આગંતુક બોલ્યા.

"કેમ ભાઈ " માનસીના પપ્પના મોઢા પર તેના પપ્પાપણાનો સિક્કો મારેલો હોય છે ? અત્યારે હું ઘરમાં હોવાને તમે અપરાધ ગણો છો અને વહેલી સવારમાં અમારા ઘરે આવીને આ રીતે રૂઆબ સાથે વાત કરીને શાનો પ્રભાવ પાડો છો ? " રમણલાલે સહેજ ઉશ્કેરાટ સાથે કહ્યું.

" મારે તમારી સાથે ચર્ચામાં નથી ઉતરવું. માનસીને બોલાવો, એટલે એમને આ ગિફ્ટ બેગ આપી હું વિદાય થાઉં. એમણે વગર પરિચયે મારી સાથે ઓનલાઈન ફ્રેન્ડશીપ બાંધી છે. એટલે એની કદર તો કરવી જોઈએ. બાય ધ વે, હું માનસીનો ફ્રેન્ડ છું અને હા, તમારે એ સાથે કશો મતલબ ? "

આટલી રકઝક સાંભળીને માનસી પૂજા અધૂરી મૂકીને આવી. તેણે પપ્પા સામે ચૂપ રહેવા મોં પર આંગળી દેખાડી દીધી ને સમ્માનપૂર્વક બેગ સ્વીકારી લીધી. તેણે બૉય ફ્રેન્ડનો આભાર માન્યો, પણ અહીંનું



વાતાવરણ કાંઈક જુદું જ છે.

મમ્મીએ ચોકી કરવા માટે જ માનસીના પપ્પાને ગામડેથી અહીં બોલાવ્યા લાગે છે. અત્યારે તો એમને વિઝિટીંગ કાર્ડ આપતા આગંતુકે કહ્યું, " મારા કાર્ડ પરથી મારો પરિચય થઈ જશે."

"તમારો મને તો પાકો પરિચય થઈ ગયો. તમે શરીફ બદમાશ છો." ભારત માતાને લજવનારા ભ્રષ્ટ નાગરિક છો. તમારા જેવા ગદારોએ જ ભારતની અસ્મિતાને ખતમ કરી નાંખી છે. તમારી એ ભેટ નથી પાપનું પોટલું છે. મારી દીકરી માનસી માત્ર માનસ ધરાવે છે પણ બુદ્ધિની બારદાન છે. એને કોઈ ખરીદી શકશે નહીં, એટલે કૃપા કરી અહીંથી વિદાય થાઓ, નહીં તો મારે ધક્કા મારીને તગેડી મૂકવા પડશે." રમણલાલ તાડૂક્યા.

"તમારી બુદ્ધિ સાઠે નાઠી છે. કોઈ બાપ દીકરીને ઘેર સામેથી હાથ માગવા આવેલાને ઠોકર મારવાનું દુષ્કૃત્ય ન કરે અને બુદ્ધિનું પૂંછડું પકડીને બેઠેલા તમે દીકરીને દુ:ખી કરવા જ બાપ બન્યા છો. જે જમાનાને નથી ઓળખતા, એને જમાનો ઠેબે ચડાવે છે, તમે તો નમસ્તે કહેવાને લાયક નથી." કહીને પેલો માણસ ચાલતો થયો.

એ બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતી સાંભળીને મમ્મી બહાર દોડી આવી. એણે વિસ્મયતા સાથે પૂછ્યું " કોણ આવ્યું હતું?"

"એક હડકાયું કુતરું મોંમાં સોનાની લગડીનું પેકેટ લઈને આવ્યું હતું. તને વગર પૂછે મેં એને હાંકી કાઢ્યું છે. મારો એટલો અપરાધ માફ કરીશ ?" રમણલાલે કહ્યું.

"તમે એ લફંગાનું મોં પણ મને જોવા ન દીધું, એ પુણ્યનું કામ કર્યું છે, એમાં માફીનો પ્રશ્ન જ નથી." મમ્મીએ કહ્યું.

રમણલાલ હળવા થઈ ગયા. વાતાવરણમાં જાણે પ્રતિઘોષ સંભળાતો હતો. " લાખો પરિવારને આવા પપ્પાની જરૂર છે. ઘરમાં આવા પપ્પા જ ભારતીય સંસ્કૃતિનું વળતર છે."

મમ્મીએ માનસીને કહ્યું, ' તારી નોકરી સાચવવા ઘર વસાવીને તને સાથ આપવા હું અહીં આવેલી પણ મને તારી રીતભાતનો જે અણસાર આવી ગયેલો તે જોતાં મને થયું કે હવે તારા પપ્પાની અહીં ખાસ જરૂર છે, એટલે જ ગામડેથી મેં તેમને બોલાવી લીધેલા. આજે મારો ભાર હળવો થયો. "

માનસી બોલી, " જસ્ટ, મને સાંભળો તો ખરાં ! એ મારો ફ્રેન્ડ છે. "

" તો હું ? " મમ્મીએ પૂછી નાખ્યું.

" મમ્મી ફ્રેન્ડ. " માનસીએ જવાબ દીધો.

" અને પેલો ? " મમ્મીએ વળી સવાલ ઊઠાવ્યો.

" બૉય ફ્રેન્ડ.... " સ્મિત સાથે માનસીએ કહી દીધું ." એટલે ? " મમ્મીએ જાણવા ખાતર પૂછ્યું.

" એ તને નહીં સમજાય...! " એટલું કહીને માનસી પૂજા ઘરમાં જતી રહી.

મમ્મી - પપ્પા માનસીને સમજવા માટે મગજ દોડાવતાં રહ્યાં. માનસી તૈયાર થઈને હાથે પર્સ લટકાવી, ઘરેથી નીકળી ત્યારે ગેટ બહાર ઉભેલો તેનો ફ્રેન્ડ તેને સ્કૂટર પર બેસાડી રફુચક્કર થઈ ગયો.

મમ્મી - પપ્પા ગેટ પાસે આવીને, એ રફુચક્કરને બસ ! ફાટી આંખે જોઈ જ રહ્યાં...

# આરોગ્ય સંજીવની : રોગો અને તેનાં ઉપચારો

હેલ્થ ટીપ્સ

આજે કેટલાક રોગો અને તેના આયુર્વેદિક ઔષધોપચાર વિશે ચર્ચા કરીશું જે વાચકમિત્રોને ઘણા ઉપયોગી સાબિત થશે. જેમાં સૌ પ્રથમ -

૧. તાવ :- તાવ શરીરમાં હોય ત્યાં સુધી તદ્દન ઉપવાસ કરાવવો. તાવ ઉતાર્યા પછી હરડે આપવી. હીમેજ નો એકાદ જુલાબ ઉતાર્યા પછી કિરાતાદિ ક્વાથ આપી શકાય. જો તે ન મળે તેમ હોય તો સુદર્શન ચૂર્ણનો ક્વાથ પણ અપાય છે. હરડે અને ઉકાળો તાવ ન હોય ત્યારે આપવા.

૨. અતિસાર :- જ્યારે ઝાડા સાથે આમ પણ નીકળતો હોય તો તેને આમાતિસાર કહે છે. આ રાત્રિમાં સવાર-સાંજ પાણી સાથે સૂંઠ ફકાવવી અને પછી જ્યારે ઝાડા નિરામ થાય એટલે કે જ્યારે ઝાડા પાણીમાં તરે તેવા થાય ત્યારે ધાણા, સૂંઠ, ઈન્દ્રજવ, હરડે, પીપર અને નાગરમોથનો ક્વાથ આપવો.


૩. અર્શ (પાઈલ્સ) :- આ રોગ મોટાભાગે કબજિયાતની તકલીફવાળા દર્દીમાં જોવા મળી છે. આ રોગથી પીડાતા રોગી માટે પેટ સાફ રહેવું ખૂબ જરૂરી છે. અર્શ રોગમાં હીમજ, ઈન્દ્રજવ, નાગકેસર અને વાવડિંગ એ ચારેય સમભાગે લઈ ખાંડી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું.

૪. અજીર્ણ (અપચો) : અજીર્ણમાં ઉપવાસ કરાવવા ત્યારબાદ પહેલા કાળી દ્રાક્ષ અને સાકર સાથે સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ પાચન-ઔષધ તરીકે આપવું પણ સાથે ઉપવાસ કરાવવા. ઉપવાસ છૂટયા પછી હલકો ખોરાક ભૂખ પ્રમાણે આપવો અને હીમજ રોજ આપવી.

૫. કૃમિરોગ :- કૃમિરોગ માટે એક સચોટ ઉપાય બતાવું છું જેમાં કૃમિ જીવતા બહાર નીકળશે. મોટા બાળકોમાં ચણા જેટલો અને નાના બાળકોમાં અડધા ચણા જેટલો ખુરસાની અજમો દિવસમાં બે-બે વાર આપવાથી જીવતા કૃમિ મળ વાટે શરીરમાંથી બહાર નીકળી જાય છે.

૬. પાંડુરોગ :- દરરોજ ૧ તોલો હીમજ આપવાથી રોજ અડધો શેર ગોમૂત્ર આપવાથી અને મધમાં ૧ તોલો ત્રિફળા દિવસમાં બે વાર આપવાથી પાંડુ મટે છે.

૭. કમળો (કામલા) :- આ રોગમાં દર્દીને પુષ્કળ હીમજ આપવી, પુષ્કળ ગોમૂત્ર આપવું તથા દૂધ, ભાત, કાળી વસ્તુઓ અને પિત્તશામક શેરડી વગેરે ઠંડી વસ્તુઓ આપવી. દૂધમાં ૫-૬ પીપર ઉકાળી દિવસમાં બે વાર દૂધ પીવું. પાશેર દૂધમાં પીપર નાખીને પાશેર પાણી નાખીને ઉકાળવું. પછી પાણી બળી જાય અને પાશેર દૂધ બાકી રહે એટલે ઉતારી લેવું અને ઠંડુ પડયા પછી પીપર ચાવી અને ઉપર એ જ દૂધ પી જવું.



૮. નસકોરી ફૂટવી :- નસકોરી ફૂટે તો તાત્કાલિક ભીની માટી મૂકવી. ફૂલવ્યા વિનાની ફટકડીનાં પાણીનાં ટીપાં નાકમાં નાખવા. અઢી તોલા પાણીમાં ૧/૧૬ તોલો ફટકડીનું પ્રમાણ રાખવું.

૯. ક્ષય :- ક્ષય રોગમાં પોષણ પૂરું પાડનારા બંધ થયેલા સ્રોતોને ખુલ્લા કરવા માટે દ્રાક્ષાસવ પછી અડધા કલાકે કલાકે બકરીનું દૂધ, બકરીનાં દૂધનું ઘી, ગળ્યા પદાર્થો, દાળ-ભાત, ખિચડી, શાક, થોડી રોટલી વગેરે ખોરાકમાં આપવા. દવામાં અરડુસીનાં પાંદડાનો બે તોલા રસ રોજ બે વાર આપવો. વધારે ઉધરસ હોય તો રસ રોજ ત્રણ વાર આપવો. અરડૂસીથી દસ્ત પણ સાફ ઉતરે છે.

૧૦. અરુચિ :- અરુચિ રોગમાં દર્દીને ખાવાની ઈચ્છા જ મારી જાય છે. આવી અરુચિમાં રોજ હીમજ આપવી. રુચિ ઉત્પન્ન કરવા દવા તરીકે રોજ દિવસમાં ત્રણ વાર દરેક વખતે આદુ ઉપર થોડું સિંધાલૂણ ભભરાવી ચાવડાવવું.

૧૧. દાહ-બળતરા :- આ રોગમાં ધાણા અને કાળી દ્રાક્ષ પાણીમાં ચોળીને પીવાથી આંતરદાહ અને બાહ્યદાહ મટે છે. આંતરદાહવાળાને હરડે આપવી અને બાહ્યદાહવાળાને અનેકવાર ધોયેલું ઠંડું ઘી શરીરે ચોપડવું.

૧૨. એપીલેપ્સી (વાઈ) :- આ રોગમાં દરરોજ એક તોલો હીમજ આપવી. દિવસમાં સવાર-સાંજ બે વાર વજ ને પાણી સાથે ફકાવવી અથવા ૧ થી ૨ તોલા લસણની કળીઓ ઘી માં તળીને દિવસમાં બે વાર ખવડાવવી.

કોઈપણ પ્રકારની દવા કર્યા વગર ફક્ત ગાયના શુદ્ધ દૂધ ઉપર દર્દીને રાખવાથી પણ વાઈ મટી જાય છે. પણ આ ગોયના દૂધનો પ્રયોગ ચાલે તે દરમિયાન પાણી પીવાનું તદ્દન બંધ કરવું જોઈએ.

૧૩. અશમરી (પથરી) : આ રોગમાં રોજ હીમજ લેવાથી અને દિવસમાં બે વાર સવાર-સાંજ હરિતક્યાદિ ક્વાથ પીવાથી ગમે તેવી પથરીની રેતી થઈ પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે.

૧૪. દૌર્બલ્ય (કૃશતા) :- આ રોગમાં દિવસમાં બે વાર ૧-૧ તોલો અશ્વગંધા ચૂર્ણ ફકાવી તેની ઉપર દૂધ આપવું.

૧૫. મેદોવૃદ્ધિ (ર્મીજૈઅ) :- આ રોગમાં હીમજ ૧ તોલો રોજ બે વાર આપવી. ચોખ્ખું મધ બે તોલા અને પાણી રોજ બે વાર પીવાથી આ રોગ મટે છે. રોગ મટયા પછી પણ હીમજનું સેવન ચાલુ રાખવું.

ઉપરોક્ત રોગોમાં ઉપરોક્ત ઉપાયો ખરેખર સચોટ અને અસરકારક પરિણામ આપે છે.

# અલ્ટ્રાસાઉન્ડના ધ્વનિ તરંગોથી કેન્સર સારવારમાં નવો આશાવાદ

**અલ્ટ્રા સાઉન્ડ તંદુરસ્ત કોષોને નુકસાન કર્યા વિના મોંના કેન્સરની કોશિકાઓનો સચોટ નાશ કરે છે. માનવી અવાજની દુનિયામાં જીવે છે આમ છતાં માનવી દરેક અવાજ સાંભળી શકતો નથી આમાં જે ફ્રિકવન્સીનો અવાજ માનવી સાંભળી શકે છે તેને ઓડિબલ ફ્રિકવન્સી કહેવામાં આવે છે આના કરતા અલ્ટ્રાસાઉન્ડની ફ્રિકવન્સી માનવી સાંભળી શકતો નથી છતાં વૈજ્ઞાનિક સંશોધનોમાં અને મેડિકલ ક્ષેત્રે તેનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે હવે કેન્સરની સારવાર માટેનો ઉપયોગ થાય તે માટેનું સંશોધન ભારતમાં થઈ ચૂક્યું છે તે આનંદની વાત છે.**

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

તબીબી વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે કેન્સર હંમેશાં એક અત્યંત જટિલ, ખર્ચાળ અને પડકારજનક રોગ રહ્યો છે. સામાન્ય રીતે અત્યાર સુધી આ જીવલેણ બીમારી સામે લડવા માટે કીમોથેરાપી, રેડિયેશન અને સર્જરીને મુખ્ય તેમજ અનિવાર્ય ઉપાયો ગણવામાં આવે છે. પરંતુ આ પરંપરાગત પદ્ધતિઓની એક સૌથી મોટી મર્યાદા એ છે કે તે સારવાર દરમિયાન કેન્સરના દૂષિત કોષોનો નાશ કરવાની સાથે શરીરની અંદર રહેલી અન્ય તંદુરસ્ત કોશિકાઓને પણ મારી નાખે છે. કીમોથેરાપી અને રેડિયેશનની આ આડઅસરના કારણે દર્દીઓએ આજીવન શારીરિક પીડા, નબળાઈ, વાળ ખરવા અને રોગપ્રતિકારક શક્તિમાં ગંભીર ઘટાડા જેવી અસહ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ ઉપરાંત, પૂરતી સારવાર લીધા બાદ પણ દર્દીના શરીરમાં ફરીથી કેન્સરની ગાંઠ ઉભરી આવવાની (કેન્સર રીકરન્સ) સંભાવના હંમેશાં જળવાઈ રહે છે, જે તબીબો માટે મોટી ચિંતાનો વિષય છે.

આ ગંભીર અને વૈશ્વિક તબીબી પડકાર વચ્ચે ભારતીય વૈજ્ઞાનિકોએ કેન્સરની સારવારમાં એક અત્યંત ક્રાંતિકારી અને આશાસ્પદ સફળતા મેળવી છે. બેંગલુરુની દેશની પ્રતિષ્ઠિત સંસ્થા 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' (IISc) ના વૈજ્ઞાનિકોએ એક અનોખી ટેકનોલોજી આધારિત સારવાર પદ્ધતિ શોધી કાઢી છે. આ સંશોધકોએ અલ્ટ્રાસાઉન્ડની એક ચોક્કસ ઓછી આવૃત્તિ (લો-ફ્રીક્વન્સી) ધરાવતા ધ્વનિ તરંગો દ્વારા કેન્સરની કોશિકાઓને સફળતાપૂર્વક મારી નાખવાનો સચોટ માર્ગ શોધી કાઢ્યો છે. આ નવી પદ્ધતિની સૌથી મોટી વિશેષતા એ છે કે તેનાથી શરીરના સામાન્ય અને તંદુરસ્ત કોષોને સહેજ પણ નુકસાન થતું નથી અને તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત રહે છે.

આ સંશોધન ખાસ કરીને ભારતના સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે વરદાન સાબિત થઈ શકે છે, કારણ કે આપણા દેશમાં તમાકુ, ગુટખા અને ધૂમ્રપાનના અતિશય સેવનના કારણે પુરુષોમાં ઓરલ કેન્સર એટલે કે મોંનું કેન્સર થવાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. તબીબી આંકડાઓ અનુસાર, ભારતમાં દર વર્ષે આશરે એક લાખ જેટલા ઓરલ કેન્સરના નવા દર્દીઓ નોંધાય છે અને યોગ્ય કે સચોટ સારવારના અભાવે તેમાંથી મોટાભાગના લોકો જીવ ગુમાવે છે. મોંના કેન્સરની આ વિકરાળ સમસ્યાના કાયમી અને પીડામુક્ત નિવારણ માટ IISc ના વૈજ્ઞાનિકોએ એમ. એસ. રામૈયા મેડિકલ કોલેજના નિષ્ણાત ડોક્ટરોની ટીમ સાથે હાથ મિલાવ્યા હતા. આ સંયુક્ત પ્રયોગ અંતર્ગત હોસ્પિટલમાં દાખલ ઓરલ કેન્સરના દર્દીઓની ગાંઠ (ટ્યુમર) ના વાસ્તવિક જૈવિક નમૂનાઓ લેવામાં આવ્યા અને તેના પર પ્રયોગશાળામાં ખાસ અલ્ટ્રાસાઉન્ડ તરંગો છોડવામાં આવ્યા હતા. આ પ્રયોગના પરિણામો અત્યંત આશ્ચર્યજનક અને પ્રોત્સાહક રહ્યા, જેમાં ધ્વનિ તરંગોના પ્રભાવથી કેન્સરની તમામ કોશિકાઓ કંપન સહન ન થવાથી નાશ પામી, જ્યારે આસપાસના સ્વસ્થ કોષો જીવંત રહ્યા હતા.

આ નવીન ટેકનોલોજીને સમજવા માટે 'અલ્ટ્રાસાઉન્ડ' એટલે શું અને તે કેવી રીતે કામ કરે છે તેની સાદી સમજ મેળવવી ખૂબ જ રસપ્રદ છે. સામાન્ય રીતે માનવ કાન એક મર્યાદિત રેન્જ (૨૦ હર્ટ્ઝથી ૨૦,૦૦૦ હર્ટ્ઝ) સુધીનો જ અવાજ સાંભળી શકે છે. જ્યારે ધ્વનિની આવૃત્તિ એટલે કે ફ્રીક્વન્સી ૨૦,૦૦૦ હર્ટ્ઝ કરતાં વધી જાય, ત્યારે તે અવાજ એટલો તીવ્ર બની જાય છે કે માણસ તેને સાંભળી શકતો નથી. આ પ્રકારના અતિ-ઉચ્ચ આવૃત્તિવાળા અવાજના તરંગોને વિજ્ઞાનની ભાષામાં 'અલ્ટ્રાસાઉન્ડ' કહેવામાં આવે છે. અત્યાર સુધી તબીબી ક્ષેત્રમાં તેનો ઉપયોગ ગર્ભમાં બાળકના વિકાસને જોવા (સોનોગ્રાફી) કે શરીરના અંદરના ભાગોની તસવીરો લેવા માટે થતો આવ્યો છે. પરંતુ ભારતીય વૈજ્ઞાનિકોએ આ અદ્રશ્ય ધ્વનિ તરંગોની શક્તિનો ઉપયોગ એક શસ્ત્ર તરીકે કર્યો છે. તેમણે શોધી કાઢ્યું કે જ્યારે કોઈ ચોક્કસ ફ્રીક્વન્સી ધરાવતા અલ્ટ્રાસાઉન્ડ તરંગો કોઈ અંગ પર છોડવામાં આવે છે, ત્યારે તે એક ચોક્કસ તીવ્રતાના કંપનો (વાઈબ્રેશન્સ) પેદા કરે છે. આ કંપનો એટલા શક્તિશાળી હોય છે કે તે કેન્સરના કોષોની અંદર એક ભયંકર ધ્રુજારી પેદા કરે છે અને તેને અંદરથી જ તોડી પાડે છે.



વૈજ્ઞાનિકોએ આ વિશિષ્ટ અને ચમત્કારિક પ્રક્રિયા પાછળના જીવવિજ્ઞાનના રહસ્યનો ખુલાસો કરતાં જણાવ્યું છે કે, કેન્સરના કોષો અને તંદુરસ્ત કોષોની આંતરિક રચનામાં એક મોટો તફાવત હોય છે. કેન્સરગ્રસ્ત કોશિકાઓમાં 'ટ્રોપોમાયોસિન ૨.૧' (Tropomyosin 2.1) નામનું એક વિશિષ્ટ માળખાકીય પ્રોટીન કાં તો હોતું નથી અથવા ખૂબ જ ઓછી માત્રામાં હોય છે. આ પ્રોટીનની ગેરહાજરીના લીધે કેન્સરના કોષોનું આંતરિક પિંજર કે માળખું અત્યંત નબળું અને અસ્થિર હોય છે. આથી, જ્યારે પ્રયોગ દરમિયાન તેના પર નિયંત્રિત અલ્ટ્રાસાઉન્ડના ધ્વનિ તરંગો આપાત કરવામાં આવ્યા, ત્યારે કેન્સરના કોષો તે તીવ્ર કંપન અને ધ્રુજારી સહન કરી શક્યા નહીં અને અંદરથી જ ફાટીને સંપૂર્ણપણે નાશ પામ્યા. તેની સરખામણીમાં, મોંની અંદર આવેલી સામાન્ય અને તંદુરસ્ત એપિથેલિયલ કોશિકાઓમાં આ પ્રોટીન પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આ પ્રોટીન તંદુરસ્ત કોષોને એક મજબૂત કવચ પ્રદાન કરે છે, જેથી અલ્ટ્રાસાઉન્ડના કંપનો સામે તેઓ પોતાના અસ્તિત્વને ટકાવી રાખે છે અને તેમને કોઈ આડઅસર થતી નથી.

ભવિષ્યની દ્રષ્ટિએ આ નૂતન સંશોધન તબીબી જગતમાં એક ક્રાંતિકારી વળાંક સાબિત થઈ શકે તેમ છે. કીમોથેરાપીની સરખામણીમાં આ પદ્ધતિ તદ્દન પીડારહિત અને લક્ષિત (ટાર્ગેટેડ) સારવાર પૂરી પાડે છે. જો આ પદ્ધતિ આગામી સમયમાં માનવ પરીક્ષણો (ક્લિનિકલ ટ્રાયલ્સ) સફળતાપૂર્વક પાસ કરી લેશે, તો ભવિષ્યમાં કેન્સરની સારવાર ખૂબ જ સરળ, સસ્તી અને કોઈપણ આડઅસર વિનાની બની જશે. અલ્ટ્રાસાઉન્ડ મશીનો પહેલેથી જ નાની-મોટી હોસ્પિટલોમાં ઉપલબ્ધ હોવાથી, આ ટેકનોલોજી સામાન્ય અને ગરીબ દર્દીઓ સુધી પણ સહેલાઈથી પહોંચાડી શકાશે. આમ, ભારતીય વૈજ્ઞાનિકોની આ અભૂતપૂર્વ સિદ્ધિ કેન્સર મુક્ત ભવિષ્ય તરફ એક મજબૂત અને નિર્ણાયક કદમ સાબિત થશે.

ઉપરોક્ત તંત્રીલેખ પ્રસિદ્ધ થયેલા મેડિકલ રિસર્ચ અને આધાર તૈયાર કરવામાં આવ્યો છે.

# આઈસીસી ક્રિકેટ કેલેન્ડરમાં ધરમૂળમાંથી થશે ફેરફારો

## ક્રિકેટના ત્રણેય ફોર્મેટઃ ટેસ્ટ, વનડે અને ટી ૨૦ ના ભવિષ્યને મજબૂત બનાવવા માટે સ્કોટલેન્ડના એડિનબર્ગમાં મળનારી આઈસીસીની વાર્ષિક સામાન્ય સભામાં થશે ચર્ચા

નવીદિલ્હી,

આગામી વર્ષોમાં ક્રિકેટનો ચહેરો સંપૂર્ણપણે બદલાઈ શકે છે.આઈસીસી ક્રિકેટ કેલેન્ડરમાં મોટા ફેરફારો પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે. જો આ દરખાસ્તો અમલમાં મૂકવામાં આવે છે, તો વનડે ક્રિકેટ પહેલા કરતા ટૂંકું થઈ શકે છે. વિશ્વભરની ફ્રેન્ચાઈઝ ટીમો માટે એક નવી ટી ૨૦ સ્પર્ધા પણ શરૂ કરી શકાય છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ, અથવા ડબ્લ્યુટીસીનો વ્યાપ પણ વિસ્તૃત કરી શકાય છે.

ધ ગાર્ડિયનના અહેવાલો અનુસાર, સ્કોટલેન્ડના એડિનબર્ગમાં આઈસીસીની વાર્ષિક સામાન્ય સભામાં આ દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં આઈસીસીના તમામ ૧૨ પૂર્ણ દેશોના પ્રતિનિધિઓ હાજરી આપશે. અહેવાલ મુજબ, આ સંપૂર્ણ બ્લુપ્રિન્ટ આઈસીસી દ્વારા હાથ ધરવામાં આવી રહેલી સમીક્ષાનો એક ભાગ છે, જે અમેરિકન કન્સલ્ટિંગ ફર્મ મેકકિન્સે દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય ક્રિકેટના ત્રણેય ફોર્મેટઃ ટેસ્ટ, વનડે અને ટી ૨૦ ના ભવિષ્યને મજબૂત બનાવવાનો છે.અહેવાલ મુજબ, સૌથી મહત્વપૂર્ણ દરખાસ્ત વનડે ક્રિકેટ સાથે સંબંધિત છે.આઈસીસી મેચોને ઝડપી, વધુ રોમાંચક અને




દર્શકો માટે વધુ આકર્ષક બનાવવા માટે આ ફોર્મેટનો સમયગાળો ઘટાડવાનું વિચારી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટી ૨૦ ક્રિકેટની લોકપ્રિયતા ઝડપથી વધી છે, જ્યારે દ્વિપક્ષીય વનડે શ્રેણી પહેલા જેટલી દર્શકોને આકર્ષિત કરી રહી નથી. પરિણામે,વનડે ફોર્મેટના ભવિષ્ય વિશે સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં, ૫૦-ઓવરના વર્લ્ડ કપ પહેલાના લગભગ ૧૮ મહિના દરમિયાન વનડે ક્રિકેટને વધુ પ્રાથમિકતા મળી શકે છે. આનો અર્થ એ છે કે વર્લ્ડ કપ વચ્ચેના વર્ષોમાં વનડે મેચોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.આઈસીસી એક નવી વૈશ્વિક ફ્રેન્ચાઈઝ ટી ૨૦ સ્પર્ધા શરૂ કરવાનું પણ વિચારી રહી છે. આ ટુર્નામેન્ટ એક સમયે યોજાતી ચેમ્પિયન્સ લીગ ટી ૨૦ ની જેમ બનાવી શકાય છે, જેમાં વિવિધ દેશોની મુખ્ય ટી ૨૦ લીગની શ્રેષ્ઠ ફ્રેન્ચાઈઝ ટીમો ભાગ લેશે. વધુમાં, એશિયા કપ જેવી ખંડીય ટુર્નામેન્ટની સંખ્યા વધારવા અને ટેસ્ટ,વનડે અને ટી ૨૦ મેચો માટે અલગ વિન્ડો સ્થાપિત કરવા માટે દરખાસ્તો પર ચર્ચા થઈ રહી છે.

# દાસુન શનાકાએ એમએલસીમાં ચાર બોલમાં ચાર વિકેટ લઈને ટીમને રોમાંચક જીત અપાવી

નવીદિલ્હી,

મેજર લીગ ક્રિકેટ ૨૦૨૬નો ૨૧મો મેચ ટેક્સાસ સુપર કિંગ્સ અને સિએટલ ઓર્ક્સ વચ્ચે રમાયો હતો. દાસુન શનાકાની શાનદાર બોલિંગને કારણે, સિએટલ ટીમે છેલ્લી ઓવરમાં નવ રનથી રોમાંચક વિજય મેળવ્યો. ટેક્સાસ સુપર કિંગ્સને છેલ્લી ઓવરમાં ૧૫ રનની જરૂર હતી. શનાકાએ ચાર બોલમાં ચાર વિકેટ લીધી, જેનાથી સિએટલને રોમાંચક વિજય મળ્યો. આ સિએટલ ઓર્ક્સની ટુર્નામેન્ટની ચોથી જીત હતી. શાનાકાને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.



જીત માટે ૧૨૨ રનનો પીછો કરતા ટેક્સાસ સુપર કિંગ્સે અંતિમ ઓવર શરૂ થાય તે પહેલાં ૧૦૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ડોનોવન ફેરેરા અને શુભમ રાંજન બેટિંગ કરી રહ્યા હતા. ૧૯મી ઓવરમાં ફેરેરાએ એક ફોર અને એક સિક્સર ફટકારી. ત્યારબાદ, છેલ્લી ઓવરના પહેલા બોલ પર રંજનએ દાસુન શનાકાના બોલ પર ફોર ફટકારી. ટીમને જીતવા માટે છેલ્લા ચાર બોલમાં ૧૦ રનની જરૂર હતી.અહીંથી, એવું લાગતું હતું કે ટેક્સાસ ટીમ સરળતાથી મેચ જીતી જશે, પરંતુ આગામી બે બોલે મેચ સંપૂર્ણપણે બદલી નાખી. ફેરેરા ધીમા બોલે આઉટ થયા, અને તેમની પાછળ આવનાર કેલ્વિન સેવેજ પણ લોંગ-ઓન પર કેચ આઉટ થયો. હેટ્રિક બોલ પર મોટો શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે એડમ મિલ્ને આઉટ થયો.

# ઈંગ્લેન્ડની સ્ટાર ઓપનર ડેની વ્યાટ-હોજે ટાઈટલ મેચમાં ૩૦૦ રનનો આંકડો પાર કરીને ઈતિહાસ રચ્યો

સિડની,

આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની ફાઈનલમાં, ઈંગ્લેન્ડની સ્ટાર ઓપનર ડેની વ્યાટ-હોજે એક એવો રેકોર્ડ બનાવ્યો જે અગાઉ ટી ૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં કોઈ અન્ય ખેલાડીએ હાંસલ કર્યો ન હતો. તેણીએ ઓસ્ટ્રેલિયા સામેની ટાઈટલ મેચમાં ૩૦૦ રનનો આંકડો પાર કરીને ઈતિહાસ રચ્યો.



ફાઈનલ પહેલા, ડેની વ્યાટ-હોજને આ વર્લ્ડ કપમાં ૩૦૦ રન સુધી પહોંચવા માટે ફક્ત છ રનની જરૂર હતી. તેણીએ ઈંગ્લેન્ડની ઈનિંગ્સના ચોથા ઓવરના પહેલા બોલ પર છઠ્ઠા રન સાથે આ સીમાચિહ્ન હાંસલ કર્યું, જે મહિલા ટી ૨૦ કપના એક જ આવૃત્તિમાં ૩૦૦ રન બનાવનારી વિશ્વની પ્રથમ ખેલાડી બની. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન વ્યાટ-હોજનું બેટ પૂરજોશમાં હતું. તેણીએ શ્રીલંકા સામેની શરૂઆતની મેચમાં અણનમ સદી ફટકારી. ત્યારબાદ તેણીએ વેસ્ટ ઈન્ડીઝ સામે ૬૫ રનની શાનદાર ઈનિંગ અને ૨૦૨૪ ચેમ્પિયન ન્યુઝીલેન્ડ સામે અણનમ ૮૯ રનની ઈનિંગ સાથે ઈંગ્લેન્ડને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જોકે, ફાઈનલમાં તેણી ફક્ત આઠ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી, જેને ઓસ્ટ્રેલિયન બોલર એનાબેલ સધરલેન્ડે આઉટ કરી હતી.ડેની વ્યાટ-હોજ હવે આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપની એક જ આવૃત્તિમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓની યાદીમાં ટોચનું સ્થાન ધરાવે છે. અગાઉ, આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાની બેથ મૂનીના નામે હતો, જેમણે ૨૦૨૦ વર્લ્ડ કપમાં છ મેચમાં ૨૫૯ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાની ભૂતપૂર્વ કેપ્ટન મેગ લેનિંગ આ યાદીમાં ત્રીજા ક્રમે છે, જેમણે ૨૦૧૪ ની આવૃત્તિમાં ૨૫૭ રન બનાવ્યા હતા.

# મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યા પછી ઓસ્ટ્રેલિયા પર પૈસાનો વરસાદ

## ટુર્નામેન્ટમાં રેકોર્ડ સાતમી વખત ચેમ્પિયન બનેલા ઓસ્ટ્રેલિયાને આશરે $૨.૩૪ મિલિયન ઈનામી રકમ મળી

મુંબઈ,

સોફી મોલિનેક્સની કેપ્ટનશીપ હેઠળ, ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડને ૭ વિકેટથી હરાવીને રેકોર્ડ સાતમી વખત ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો. ઓસ્ટ્રેલિયાએ પહેલી વાર ૨૦૧૦ માં ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યારથી, આ ફોર્મેટમાં તેમનું વર્ચસ્વ ચાલુ રહ્યું છે, અને તેઓએ ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૮, ૨૦૨૦, ૨૦૨૩ અને હવે ૨૦૨૬ માં ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. દરમિયાન, ૧૭ વર્ષ પછી બીજી ટ્રોફી જીતવાનું ઈંગ્લેન્ડનું સ્વપ્ન ફરી એકવાર ચકનાચૂર થઈ ગયું છે. ઈંગ્લેન્ડે ૨૦૦૯ માં તેમનો પહેલો અને એકમાત્ર ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યારથી, તેઓ ચાર વખત ફાઈનલમાં પહોંચ્યા છે, પરંતુ દરેક વખતે ઓસ્ટ્રેલિયા સામે હારી ગયા છે.




આ વર્ષે,આઈસીસીએ મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે આશરે ૮૭.૬૪ લાખ (આશરે ૮૩.૪૧ કરોડ) નું ઈનામી બજેટ નક્કી કર્યું છે, જે અગાઉના સંસ્કરણ કરતા ૧૦% વધારે છે. આ ટુર્નામેન્ટમાં રેકોર્ડ સાતમી વખત ચેમ્પિયન બનેલા ઓસ્ટ્રેલિયાને આશરે ઈ૨.૩૪ મિલિયન (આશરે રૂ. ૨૨.૨૭ કરોડ ભારતીય રૂપિયા) ની ઈનામી રકમ મળી. દરમિયાન, ફાઈનલમાં રનર-અપ રહેલા ઈંગ્લેન્ડને પણ મોટી રકમ મળી. તેમને આશરે ઈ૧.૧૭ મિલિયન (આશરે રૂ. ૧૧.૧૩ કરોડ) ની ઈનામી રકમ આપવામાં આવી.

આઈસીસીના નિયમો અનુસાર, ૧૨ ભાગ લેનાર ટીમોમાંથી દરેકને ઓછામાં ઓછા ૨.૪૭ મિલિયન (આશરે રૂ. ૨.૩૫ કરોડ) ની ગેરંટી આપવામાં આવી હતી. વધુમાં, દરેક ટીમ જે તેની ગ્રુપ સ્ટેજ મેચ જીતી હતી તેને દરેક જીત માટે ઈ૩૧,૧૫૪ (આશરે રૂ. ૨૯.૬૪ લાખ) નું બોનસ આપવામાં આવ્યું હતું. દરમિયાન, સેમિફાઈનલમાં પહોંચેલી પરંતુ હારી ગયેલી બે ટીમોને ઈનામી રકમમાં આશરે ૬૭૫,૦૦૦ (આશરે રૂ. ૬૪.૨ મિલિયન) મળ્યા. વેસ્ટ ઈન્ડીઝ અને દક્ષિણ આફ્રિકા સેમિફાઈનલમાં હારી ગયા.

આ વખતે આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચવામાં ભારત અને પાકિસ્તાનની ટીમ નિષ્ફળ રહી હતી, અને બંને ગ્રુપ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી.

# સની દેઓલ ‘રામાયણ’ પહેલાં ક્લીન-શેવ લુકમાં જોવા મળ્યો : ચાહકોએ કર્યા વખાણ



મુંબઈ,

સની દેઓલ હાલમાં તેની આગામી ફિલ્મો માટે સમાચારમાં છે. એક તરફ, તે ’પાર્ટીશન ૧૯૪૭’માં જોવા મળશે, અને બીજી તરફ, તે ’ઈક્કા’ સાથે ઓટીટી પર ધમાલ મચાવશે. સની દેઓલના ચાહકો પણ તેમની આગામી ફિલ્મોને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ "ઈક્કા", ૧૦ જુલાઈના રોજ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. સની દેઓલ પણ અક્ષય ખન્ના સાથે કામ કરવા માટે તૈયાર છે. આ દરમિયાન, સની દેઓલ તેના નવા લુકને લઈને સમાચારમાં છે. સોશિયલ મીડિયા પર તેના ફોટા વાયરલ થઈ રહ્યા છે, જેમાં તે ક્લીન-શેવન લુકથી અલગ લુકમાં દેખાય છે, અને આ લુકને ચાહકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે.


એક ચાહકે સની દેઓલના કેટલાક ફોટા શેર કર્યા છે, જેમાં તે ક્લીન-શેવન લુકમાં દેખાય છે. ફોટામાં, સની કેઝ્યુઅલ લુકમાં જોવા મળે છે. તેણે સ્વેટર અને હળવા રંગનો ડેનિમ પહેર્યો છે અને ટોપી સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો છે. તેના લુક પર હવે ચાહકો તરફથી ઘણી પ્રતિક્રિયાઓ મળી રહી છે. અભિનેતાના ચાહકો તેના દાઢી વગરના લુકને ખૂબ પસંદ કરી રહ્યા છે, ઘણા લોકો તેના ક્લીન-શેવન લુકની ટિપ્પણી અને પ્રશંસા કરી રહ્યા છે.ઘણા યુઝર્સે સની દેઓલના તાજેતરના લુક પર પ્રતિક્રિયા આપી છે, કેટલાકે તેને નિતેશ તિવારીની આગામી ફિલ્મ "રામાયણ" સાથે જોડી છે, જ્યારે કેટલાકે કહ્યું કે તે આ લુકમાં સુંદર દેખાય છે. એકે ટિપ્પણી કરી, "’રામાયણ’ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે." બીજાએ અભિનેતાના લુકને ફિલ્મ સાથે જોડતા લખ્યું, "સની સર બજરંગબલી લુક માટે તૈયાર છે."

# શિલ્પા શિંદે લોક અપ-૨ માં સીઝનના પ્રથમ વાઈલ્ડકાર્ડ સ્પર્ધક તરીકે પ્રવેશ કરશે

મુંબઈ,

શિલ્પા શિંદે ’લોક અપ ૨’માં એન્ટ્રી કરી છે, અને ઘરમાં પ્રવેશતાની સાથે જ ડ્રામા વધી ગયો છે. "ભાબીજી ઘર પર હૈ" ના ઓજી અંગૂરી ભાભી નેટફ્લિક્સ રિયાલિટી શોમાં તેના પહેલા વાઈલ્ડ કાર્ડ સ્પર્ધક તરીકે જોડાયા છે, અને તેમના એક નવા પ્રોમોએ ચર્ચા જગાવી છે. તેમના આગમનથી સ્પર્ધકો નારાજ થયા છે અને તેમનો તણાવ વધ્યો છે. ખોરાક માટે ઝઘડો થાય છે, જે પછીથી દલીલમાં પરિણમે છે.

નેટફ્લિક્સ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલ "લોક અપ" સીઝન ૨ ના નવીનતમ પ્રોમોમાં, સ્પર્ધકો ઘરની અંદર





આપવામાં આવેલ ખોરાક ખાવાનો ઈનકાર કરતા જોઈ શકાય છે. આનાથી રિતેશ દેશમુખ દેખીતી રીતે નારાજ છે અને સુનિતા આહુજાને પોતાના બદલે બીજા બધા વિશે વિચારવા બદલ ઠપકો પણ આપે છે. રામ કપૂર શો છોડવાનો આગ્રહ રાખે છે, કહે છે કે તે હવે ખાવા માંગતો નથી. તે છોડવાની પણ વાત કરે છે કારણ કે તેને લાગે છે કે તે આવા શો માટે યોગ્ય નથી.

નવો પ્રોમો શિલ્પા શિંદેની એન્ટ્રી પર કેન્દ્રિત છે, જે તરત જ સ્પર્ધકોમાં ચર્ચાનો વિષય બની જાય છે. તેના આગમન પર પ્રતિક્રિયા આપતા, શિવાંગી જોશી કહે છે, "તેણી સાથે વાત કરવી મુશ્કેલ છે." આકાંક્ષા ચમોલા પણ મુશ્કેલીનો અંદાજ લગાવે છે, કહે છે, "શિલ્પા સાથે ઝઘડો થઈ શકે છે." થોડી વાર પછી, શિલ્પા એક સ્પર્ધક પર બૂમો પાડતી જોવા મળે છે. શિવાંગી તેનો સામનો કરે છે અને કહે છે કે શિલ્પા તેની બોડી લેંગ્વેજથી ખૂબ જ ઉગ્ર લાગે છે. શિલ્પા જવાબ આપે છે કે, "તું કેમ બૂમો પાડી રહી છે?" પ્રોમો પૂરો થાય તે પહેલાં, શિલ્પા હર્ષદ ચોપરા, શ્રેયા કાલરા, શિવાંગી જોશી અને સુફી મોતીવાલાને બોલાવે છે અને કહે છે, "જો તમારે ગ્રુપમાં રમવું હોય તો રમો."

૫ જુલાઈના રોજ, નિર્માતાઓએ સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે શિલ્પા શિંદે લોક અપ ૨ માં સીઝનના પ્રથમ વાઈલ્ડકાર્ડ સ્પર્ધક તરીકે પ્રવેશ કરશે. જાહેરાત વિડિઓમાં, શિલ્પા આત્મવિશ્વાસથી કહે છે, "મેં સાંભળ્યું છે કે બધા અંદર પોતાની કાર પાર્ક કરીને બેઠા છે, પરંતુ તેમને કહો કે જ્યાં સુધી બહારથી કોઈ અંદર ન આવે ત્યાં સુધી તેમનો નિયમ ચાલુ રહેશે."

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રી | મો | દ | ર | દા | ગુ | ગુ | ળ | બં | રો | ગ | મ |
| ઉ | ણિ | કા | ણ | મા | મ | સ | ધ | કા | તુ | ઝ | સ |
| ચ | સા | જ | ન | ના | ડ | ગુ | તા | પ | સ | લ | સ |
| મ | મ | અં | મ | અ | મ | ડ | લા | કા | ણા | વિ | અ |
| ડી | મા | ચી | ણ | જ | રી | મ | ક | મ | હા | લા | કા |
| ચ | ક | ચા | ર | જ્ઞા | ન | રો | પ્રા | વા | જ્ઞા | ભા | ભો |
| જ | સ | શિ | લા | ધ | દ | આ | સા | દ | ગ | ત | બિ |
| આ | અં | દ | સ | ભ | રી | કા | ધ | ગ | ધ | શ | ર |
| ભો | શ | ચી | ળ | ર | એ | ક | ર | વિ | ચા | ર | ત |
| ભ | ન | રો | ત | ળો | ર | ચા | ગં | મા | સ | લી | ઇ |
| ભા | સ | ડો | મા | કા | ભો | એ | અ | લ | ઊ | ળો | દા |
| વિ | ણિ | ઓ | ઊ | ઐ | ળ | ચા | ડી | આ | ધ | ક | ચા |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન ડમરી ડમરો, તાપસ

# દિલજીત દોસાંઝની ફિલ્મ "સતલુજ" ઓટીટી પ્લેટફોર્મ પરથી દૂર કરવામાં આવી

મુંબઈ,

ત્રણ વર્ષના સંઘર્ષ પછી, દિલજીત દોસાંઝ અભિનીત ફિલ્મ "સતલુજ" આખરે ૩ જુલાઈના રોજ ઓટીટી પ્લેટફોર્મ ઢઈઈ૫ પર રિલીઝ થઈ. હની તેહરાન દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મે રિલીઝ થતાં જ ખૂબ જ ધૂમ મચાવી દીધી,આઈએમડીબી પર ૯.૩ રેટિંગ મેળવ્યું. જોકે, ગઈકાલે તેને ઓટીટી પ્લેટફોર્મ પરથી દૂર કરવામાં આવ્યું હતું, અને ઝીપ એ તેના સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી હતી. ફિલ્મ દૂર કર્યા પછી, દિલજીત દોસાંઝે પણ તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી. જોકે તેમણે ઓટીટી પ્લેટફોર્મ પરથી ફિલ્મ દૂર કરવા અંગે સીધી વાત કરી ન હતી, તેમ છતાં ચાહકોએ તેને પ્રતિક્રિયા તરીકે અર્થઘટન કર્યું છે. ભારતીય ક્રિકેટર હરભજન સિંહે પણ



"સતલુજ" ની સમીક્ષા કરી, તેને એક નોંધપાત્ર ફિલ્મ ગણાવી અને જસવંત સિંહ ખાલરા, જેમના જીવન પર આ ફિલ્મ આધારિત છે, તેમની હિંમતની પ્રશંસા કરી.

હની તેહરાન દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મને રિલીઝ કરવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. લગભગ ત્રણ વર્ષ સુધી રિલીઝ માટે સંઘર્ષ કર્યા પછી, તે આખરે ઓટીટી પ્લેટફોર્મ પર પહોંચી ગઈ અને ૩ જુલાઈના રોજ રિલીઝ થઈ. રિલીઝ થયા પછી, ફિલ્મ દર્શકો સુધી પહોંચી અને તેમની આંખોમાં આંસુ લાવી દીધા. આ ફિલ્મ ખાસ કરીને શીખ સમુદાયના તે લોકો માટે ભાવનાત્મક હતી જેમણે ૧૯૯૦ ના દાયકાના અંધકારમય સમયગાળા દરમિયાન પ્રિયજનો ગુમાવ્યા હતા. ભારતીય ક્રિકેટર હરભજન સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ફિલ્મ વિશે એક પોસ્ટ શેર કરીને લખ્યું, "જલિયાંવાલા બાગ હત્યાકાંડ ઈતિહાસની સૌથી મોટી દુર્ઘટનાઓમાંની એક છે. તે સંસ્થાનવાદી શાસન દ્વારા આચરવામાં આવ્યું હતું. પરંતુ જસવંત સિંહ ખાલરાની વાર્તા જોયા પછી, મારા મનમાં એક અલગ પ્રશ્ન ઉદભવે છે: બહારના લોકોના જુલમથી વધુ પીડાદાયક શું હોઈ શકે? જ્યારે પોતાના લોકોની સુરક્ષા માટે જવાબદાર લોકો તેમના સૌથી મોટા ભયનું કારણ બને છે.

# અંસીબા હસન ઉત્પીડન કેસમાં અભિનેત્રી લક્ષ્મી પ્રિયા અને અન્ય ત્રણ સામે એફઆઈઆર દાખલ

મુંબઈ,

કેરળની એક કોર્ટે પોલીસને અંસીબા હસન ઉત્પીડન કેસની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. સુત્રો અનુસાર, કેરળની એક કોર્ટે મલયાલમ અભિનેત્રી લક્ષ્મી પ્રિયા, તેના પતિ જયેશ અને એક મહિલા પોલીસ અધિકારી વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે.

ત્રિપુનિથુરા મહિલા સેલમાં અભિનેત્રી અંસીબા હસનની કથિત ગેરકાયદેસર અટકાયત અને માનસિક ત્રાસના સંદર્ભમાં કોર્ટે આ આદેશ જારી કર્યો છે. ત્રિપુનિથુરા જ્યુડિશિયલ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ પીએમ અમીનાકુટ્ટીએ શનિવારે પોલીસને અંસીબા હસનની ફરિયાદની તપાસ કરવાનો આદેશ આપ્યો



હતો.મહિલા સેલ સાથે જોડાયેલા લક્ષ્મી પ્રિયા, જયેશ અને સબ-ઈન્સ્પેક્ટર રેશ્મા વિરુદ્ધની તેમની અરજીની સુનાવણી દરમિયાન અંસીબા હસન શનિવારે મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થયા. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, "સત્ય જાણવા માટે પોલીસે આરોપીઓ સામેના આરોપોની વિગતવાર તપાસ કરવાની જરૂર હોવાથી, ફરિયાદ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૫ (૩) હેઠળ એફઆઈઆર નોંધવા અને તપાસ માટે હિલ પેલેસ પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસરને મોકલવામાં આવી રહી છે."આ કેસ એક ઘટના સાથે સંબંધિત છે જેમાં લક્ષ્મી પ્રિયાની ફરિયાદ બાદ હસનને હિલ પેલેસ પોલીસ સ્ટેશનના મહિલા સેલમાં બોલાવવામાં આવ્યો હતો. લક્ષ્મી પ્રિયાએ પોલીસનો સંપર્ક કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે તેને હસન તરફથી વાંધાજનક વોટ્સએપ સંદેશા મળ્યા હતા. પોતાની ફરિયાદમાં, અંસીબા હસને આરોપ લગાવ્યો હતો કે તેને લગભગ ત્રણ કલાક સુધી મહિલા સેલમાં ગેરકાયદેસર રીતે રાખવામાં આવી હતી.

રોટરી ક્લબ ઓફ જામનગર અને બી જે એસ દ્વારા

# જામનગર જીલાના ૨૫ ગામોમાં તળાવ ઊંડા ઉતરવાનું કાર્ય પૂર્ણ








જામનગર : જામનગર જિલ્લામાં છેલ્લા ૭૮ વર્ષથી લોકકલ્યાણના વિવિધ કાર્યો કરતી રોટરી ક્લબ ઓફ જામનગર દ્વારા વર્ષ ૨૦૨૬માં ચોમાસા પૂર્વે વર્ષા જળ-સંચયથી જળ-સંકટનો સામનો કરવા તળાવો ઊંડા ઉતારવાનું વિશાળ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રોજેક્ટ ચેરમેન રોટેરિયન મિલન સી. શાહ, રોટરી ક્લબ ના પ્રેસિડેન્ટ રોટેરિયન હિતેશ ચંદરિયા, સેક્રેટરી રોટેરિયન નિહાર માલદે, રોટેરિયન શરદ શેઠ રોટેરિયન બ્રિજેશ ઝવેરી તથા બી જે એસ તરફથી જીગ્નેશ શાહ, નવીન કોઠારી તેમજ રોટરી ક્લબનાના સહયોગી દાતા દ્વારા આ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

પ્રોજેક્ટ માટે રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ની આંતરરાષ્ટ્રીય રોટરી ગ્લોબલ ગ્રાન્ટમાંથી રૂ. ૨૦ લાખ, રો. પરાગ શેઠ તરફથી રૂ. ૧૫ લાખ, રોટરી ક્લબ ઓફ જામનગર તરફથી રૂ. ૭૧ લાખ, અને વિવિધ દાતાઓ, કંપનીઓના ઝજીઇ ફંડ, દુબઈ રોટરી ક્લબ તથા બી જે એસ અને ગ્રામજનોના સહયોગથી કુલ રૂ. ૧.૨૨ કરોડનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું.હતુ ૫ માર્ચ ૨૦૨૬ના રોજ રાવલસર ગામથી શરૂ થયેલું આ અભિયાન હાલ માં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૫ ગામોમાં તળાવો ઊંડા ઉતારવાના કાર્યથી આશરે ૨૯.૪૦ કરોડ લીટર વરસાદી પાણીના સંગ્રહની વધારાની ક્ષમતા ઊભી થઈ છે, જ્યારે ચોમાસા દરમિયાન ૩૦ કરોડ લીટરથી વધુ પાણીનો સંચય થવાની સંભાવના છે.

ડબાસંગ, રાવલસર, ફૂલનાથ, બુટાવદર, નેસડા, ચાવડા, ખારવા, કાનવીરડી, કજુરડા, મચ્છુ-બેરાજા, ધુન-ધોરાજી, બાલાચડી, રસનાળ, હડિયાણા, ઠેબા, જામવંથલી, વડાલીયા સિંહણ, આરીખાણા, આરબલુસ, લીંબુડા, ખીરી અને સડોદર સહિતના ગામોમાં તળાવોમાંથી માટી અને કાંપ દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ કામગીરીનો મહત્વપૂર્ણ લાભ એ છે કે તળાવોમાંથી નીકળતી માટી ખેડૂતો પોતાના ખર્ચે ખેતરોમાં લઈ જઈ જમીનની ફળદ્રુપતા વધારવામાં ઉપયોગ કરે છે. જેના પરિણામે ખેતીની ઉપજ અને ખેડૂતોની આવકમાં વધારો થાય છે. ચોમાસા પહેલાં પૂર્ણ થયેલા આ કાર્યથી કરોડો લીટર વરસાદી પાણી વ્યર્થ વહી જતું અટકશે. પાણીથી ભરાયેલા તળાવો પશુ-પક્ષી, જીવજંતુ અને સમગ્ર પર્યાવરણ માટે નવજીવન સમાન બનશે. વર્ષા જળ ગામના તળાવોમાં સંચિત થવાથી ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને ગ્રામ્ય સમૃદ્ધિને નવી દિશા મળશે.

## જામનગરમાં બિલ્ડરની સજાનો હુકમ માન્ય રાખતી સેશન્સ અદાલત

જામનગર : જામનગરમાં ચેક પરત ફરવાના કેસમાં નીચલી અદાલતે કરેલ દંડ અને સજાના હુકમ સામે સેશન્સ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી જ્યાં નીચલી અદાલતનો હુકમ યથાવત રાખવામાં આવ્યો છે.

ગીતાબેન જેરામભાઈ ખિમસુર્યા એ બિલ્ડર શૈલેષ ડાયાભાઈ રાઠોડ પાસે થી ઠેબા રે.સ.નં.૫૯૮/પૈકી–પૈકી–૨ વાળી જગ્યા માં સરદાર પાર્ક નામે બીનખેતી થયેલ સબ-પ્લેટ નં.૧/સી જેનુ ક્ષેત્રફળ ૪૭.૭૭ ચો.મી.જેના ચો.ફુટ ૫૧૪.૦૦ વાળો રૂપિયા સાત લાખ પચાસ હજાર પુરા માં ટેનામેન્ટ ના બાંધકામ સહિત ખરીદ કરેલ અને અવેજ પેટે રૂપિયા ૬,૫૦,૦૦૦ ચૂકવ્યા હતા.

બિલ્ડર શૈલેષ ડાયાભાઈ પરમારે ફરીયાદી ને તા.૧૭–૧૦–૨૦૨૦ સુધી માં બાકી રહેતી રકમ ચુકવી અને પાકો દસ્તાવેજ કરી આપવાનુ નક્કી થયેલ. આરોપી પાસે મુદત સમય પુર્ણ થતા મકાનની માંગણી કરતા આ કામના આરોપીએ ફરીયાદી ને જણાવેલ કે મે આ મકાન અન્યને વહેચી દીધેલ છે. અને તમોને તમારા રૂપીયા પરત કરી આપુ છું આમ કહી ફરીયાદીને આ કામના આરોપીએ ૬.૫૦ લાખનો ચેક આપ્યો હતો. ફરીયાદીએ ચેક તેમની બેંકમાં વસુલાત માટે રજુ કરતા 'ડ્રોવર્સ સીગ્નેચર ડીફર'' ના શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ.જેથી ફરીયાદીએ ચેક રીર્ટન થતા આરોપી શૈલેષ ડાયાભાઈ રાઠોડ વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ફરીયાદ દાખલ કરેલ હતી. જે કેસમાં આરોપીને ચેકની રકમ રૂા.૬,૫૦,૦૦૦ નો દંડ તથા ૧ વર્ષની કેદની સજાનો હુકમ કરેલ છે. આ હુકમ સામે આરોપી દ્વારા જામનગરની સેશન્સ અદાલતમાં અપીલ દાખલ કરતા સદર અપીલ ચાલી જતા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એન.આર. જોશીએ આરોપીની અપીલ ના મંજુર કરી નીચેની અદાલતનો દંડ તથા ૧ વર્ષની કેદની સજાનો હુકમ કાયમ રાખેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ ક્રિપાલસિંહ આર. જાડેજા તથા કુલદીપસિંહ પી. ચૌહાણ રોકાયેલ હતા.

## જામનગરમાં એનસીસી દ્વારા વૃક્ષારોપણ અભિયાન






જામનગર : જુલાઈમાં ચોમાસાની શરૂઆત સાથે અને સ્વચ્છ અને હરિયાળા ભારતની રાષ્ટ્રીય દૂરંદેશીને અનુરૂપ, ૨૭ ગુજરાત બટાલિયન એનસીસી એ તેની સાથે સંલગ્ન અનેક સંસ્થાઓમાં વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરીને પર્યાવરણ સંરક્ષણ તરફ એક પ્રશંસનીય પગલું ભર્યું છે.

આબોહવા પરિવર્તન સામે લડવામાં જંગલોનું મહત્વ સમજીને, બટાલિયને રોપાઓના સંગ્રહ માટે વન વિભાગ સાથે સંકલન કર્યું. ત્યારબાદ રોપાઓ ૨૭ ગુજરાત બટાલિયન એનસીસી ની વિવિધ શાળાઓ અને કોલેજોમાં વિતરિત કરવામાં આવ્યા.

એનસીસીની સેવા સર્વોત્તમની ભાવના મેદાન પર જોવા મળી જ્યારે તેના કેડેટ્સ ખૂબ જ ઉત્સાહ અને સમર્પણ સાથે આગળ આવ્યા. ગણવેશમાં સજ્જ અને ઉર્જાથી ભરપૂર, કેડેટ્સે રોપાઓ રોપવામાં, તેમને પાણી આપવામાં અને વૃક્ષોનું પોષણ કરવાની પ્રતિજ્ઞા લેવામાં સક્રિયપણે ભાગ લીધો. તેમની શિસ્ત, ટીમવર્ક અને પ્રતિબદ્ધતાએ આ અભિયાનને એક મોટી સફળતા અપાવી અને પર્યાવરણનું રક્ષણ કરવાના મહત્વ વિશે સમુદાયને એક મજબૂત સંદેશ આપ્યો.

આ પહેલ માત્ર હરિયાળી વધારવામાં જ ફાળો આપતી નથી, પરંતુ યુવાનોમાં પ્રકૃતિ પ્રત્યે જવાબદારીની ભાવના પણ જગાડે છે. કેડેટ્સને સીધા સામેલ કરીને, ૨૭ ગુજરાત બટાલિયને પ્રયાસ કર્યો છે કે,પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આ પરિશ્રમી કેડેટ્સ દ્વારા દરેક ઘર સુધી પહોંચે. લે. કર્નલ શોભા નાયર, કમાન્ડિંગ ઓફિસર, ૨૭ ગુજરાત બટાલિયન એનસીસી એ આ અભિયાનને ભવ્ય સફળતા અપાવવા બદલ તમામ એ.એન.ઓ., સી.ટી.ઓ. અને કેડેટ્સના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓ એનસીસી તાલીમનો એક અભિન્ન ભાગ છે કારણ કે તે કેડેટ્સમાં ચારિત્ર્ય, નેતૃત્વ અને સામાજિક જવાબદારીનું નિર્માણ કરે છે.

## દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિના ભૂલકાઓ દ્વારા યોગ દિવસની ઉજવણી





દ્વારકા : શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા આયોજિત સંસ્કૃત વર્ગના ભૂલકાઓ દ્વારા ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ સંધ્યાએ અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૪ થી ૧૬ વર્ષ સુધીના ભૂલકાઓ દ્વારા યોગ આસનો વગેરેના ચિત્રો દોરી મીણીયા, પેન્સિલ,સ્કેચપેન,વોટર વગેરે કલરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

યથા ચિત્રે તથા દેહેએ સંસ્કૃત ઉક્તિને સાર્થક બનાવતા જે જે આસાનોનાં ચિત્રો બનાવ્યા હતા એ આસનો પોતે પર્ફોર્મ કરી બતાવ્યા. ચક્રાસન, ભુજંગાસન, વસ્ત્રાસન, પશ્ચિમોતાસન, તાડાસન, વૃક્ષાસન વગેરે.

આ કાર્યક્રમ દ્વારા સ્વાસ્થ્ય નો સુંદર એવી સમજૂતી અનોખી રીતે સમજાવી હતી.ઉપરાંત ૩ જેટલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચિત્ર સ્પર્ધા, સ્તોત્ર સ્પર્ધા,યોગાસન સ્પર્ધા વગેરે.વિજેતાઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા.સમગ્ર વ્યવસ્થા સંસ્કૃત વર્ગના આચાર્ય સન્નીભાઈ પુરોહિત તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

## લાયન્સ કલબ ઓફ જામનગર (વેસ્ટ)ના પ્રમુખપદે વૈશાલીબેન ઉદાણી, મંત્રીપદે ડિમ્પલબેન રાવલની વરણી


વૈશાલીબેન ઉદાણી


ડિમ્પલબેન રાવલ


શામળશા ઉદાણી


મીનાબેન ખંડેલવાલ

જામનગર : લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ના ડિસ્ટ્રીકટ ૩૨૩૨-ત્ન ની લાયન્સ કલબ ઓફ જામનગર વેસ્ટ છેલ્લા ૪૨ વર્ષથી સેવાકીય ક્ષેત્રે કાર્યરત સંસ્થા છે જેના આગામી વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

લાયન્સ કલબ ઓફ જામનગર વેસ્ટ ના પ્રમુખપદે વૈશાલીબેન ઉદાણી, મંત્રીપદે પૂર્વ કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ, ખજાનચીપદે શામળશાભાઈ ઉદાણી અને સહખજાનચી માં મીનાબેન ખંડેલવાલ સહિતના બોર્ડ મેમ્બર્સની વરણી કરવામાં આવી હતી.વરણી પામેલા તમામ હોદેદારો ને કલબના સદસ્યોએ શુભકામનાઓ પાઠવી હતી,લાયન્સ કલબ ઓફ જામનગર (વેસ્ટ) વિકલાંગોને સાધન સહાય વિતરણ અને થેલેસેમીયા પરીક્ષણમાં સમગ્ર લાયન્સ જગતમાં અગ્ર સ્થાને છે.

## ધ્રોલ કોર્ટના સતિષભાઈનો વિદાય સમારંભ યોજાયો


તસવીર: સંજય ડાંગર

ધ્રોલ : ધ્રોલ કોર્ટમાં લાંબા સમયથી પોતાની ફરજ બજાવતા સીઓસી સતિષભાઈ ટી. કારેલીયા વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં ધ્રોલ બાર એસોસિએશન દ્વારા એક વિદાય અને સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધ્રોલ બાર એસોસિએશનના પ્રમુખ ધનરાજ જી. પરમાર સહિતના હોદ્દેદારો અને વકીલ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નિવૃત્ત થઈ રહેલા સતિષભાઈ કારેલીયાની કોર્ટ પ્રત્યેની સેવાઓને બિરદાવવામાં આવી હતી. બાર એસોસિએશનના પ્રમુખ ધનરાજ જી. પરમાર, ઉપપ્રમુખ સુનિલભાઈ ડી. ગોસ્વામી, ખજાનચી જયેન્દ્ર એલ. રાઠોડ, મંત્રી જે.ડી. વાઘેલા તેમજ એડવોકેટ જે.એન. કાનાણી અને એડવોકેટ વિપુલકુમાર જે. કોટેચા દ્વારા કારેલીયાનું સાલ ઓઢાડી અને ફૂલહાર પહેરાવીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## જામનગરમાં વીજચોરી કેસમાં ત્રણ ગણો દંડ ન ભરે તો એક વર્ષની સજા

જામનગર : જામનગરના એક આસામી સામે વીજચોરીના બે ગુન્હા નોંધાયા હતા. જે અંગેના કેસમાં વીજ અદાલતે વીજચોરીની રકમથી ત્રણ ગણો દંડ ભરવા અથવા એક વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે.

જામનગરના મહાલક્ષ્મી સોસાયટી વિસ્તારમાં બળવંતભાઈ ભીખુભા રાઠોડના મકાનમાં તા.૯-૯-૨૦૨૦ તથા તા.૭-૮-૨૦૨૨ના દિવસોએ વીજ ચેકીંગ ટુકડી દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાં બંને વખત બળવંતભાઈને ત્યાંથી વીજચોરી ઝડપાઈ ગઈ હતી.

આ આસામી સામે વીજ કંપનીના નાયબ ઈજનેરે અનુક્રમે રૂ.૨૭,૭૪૩ તથા રૂ.૧૯,૫૯૯ ની વીજચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. ઉપરોક્ત કેસ અદાલત માં ચાલી જતાં ખાસ વીજ અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી વીજચોરીની રકમથી ત્રણ ગણો એટલે કે રૂ. ૧,૪૨,૦૨૯ નો દંડ ફટકાર્યો છે. ૩૦ દિવસમાં દંડ ભરવામાં ન આવે તો એક વર્ષની કેદની સજાનો આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર તરફથી વકીલ રાજેશ વશીયર રોકાયા હતા.

## જામનગરના વરિષ્ઠ પત્રકાર ગિરીશભાઈ ગણાત્રાના માતાનું દુ:ખદ અવસાન

જામનગર : મંગળાબેન વસંતરાય ગણાત્રા (ઉ.વ. ૯૦)નુ તા. ૭/૭/૨૦૨૬ને મંગળવારના અવસાન થયુ છે. તે ગિરીશ વી. ગણાત્રા (પત્રકાર), પરેશ વી. ગણાત્રા તથા નયનાબેન રમેશચંદ્ર બદીયાણીના માતા થાય.





# જામનગર કલેક્ટર કચેરી ખાતે દિશા સમિતિની બેઠક યોજાઈ









જામનગર : સાંસદ પૂનમબેન માડમની અધ્યક્ષતામાં જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની વિભાગવાર વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં રાજ્યસભાના સાંસદ જીતેન્દ્ર કણઝારીયા, પદાધિકારીઓ, લોકપ્રતિનિધિઓ અને વિવિધ વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં જિલ્લાના વિકાસકાર્યો અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન રેલવે વિભાગ, ગ્રામ વિકાસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, પંચાયતી રાજ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, આવાસ અને શહેરી બાબતો, જળ સંસાધન, પીવાના પાણી અને સ્વચ્છતા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ, શિક્ષણ, પશુપાલન અને ડેરી વિકાસ, માર્ગ પરિવહન, વન વિભાગ, સહિતના કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની કુલ ૧૦૧ જેટલી જનકલ્યાણકારી યોજનાઓની અમલીકરણ સ્થિતિ, ભૌતિક અને નાણાકીય પ્રગતિ, લાભાર્થીઓને મળતા લાભો તથા બાકી રહેલા પ્રશ્નોની વિભાગવાર વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન સંબંધિત વિભાગોના અધિકારીઓએ પ્રેઝન્ટેશનના માધ્યમથી યોજનાઓની વર્તમાન સ્થિતિ, સિદ્ધિઓ તેમજ આગામી કાર્યયોજનાની વિગતવાર માહિતી રજૂ કરી હતી.

સાંસદ પૂનમબેન માડમે બેઠક દરમિયાન અધિકારીઓને સૂચના આપી હતી કે કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ દરેક પાત્ર લાભાર્થી સુધી સમયસર અને પારદર્શક રીતે પહોંચે તે માટે વધુ અસરકારક કામગીરી કરવામાં આવે. તેમણે યોજનાઓના અમલીકરણમાં ગુણવત્તા જળવાય, બાકી રહેલા પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે અને કામગીરીમાં વિભાગો વચ્ચે વધુ સારું સંકલન જળવાય તે માટે ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે લોકોના પ્રશ્નોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સમયમર્યાદામાં તેનો હકારાત્મક નિકાલ કરવામાં આવે, તેમજ વિકાસકાર્યોમાં કોઈ પ્રકારની બેદરકારી ન રહે તેની ખાતરી કરવામાં આવે. લાભાર્થીઓને યોજનાઓની પૂરતી માહિતી મળે અને તેમને સરળતાથી લાભ મળી રહે તે માટે જનજાગૃતિ વધારવા પણ સૂચના આપી હતી. બેઠક દરમિયાન જામનગર જિલ્લાના વિવિધ વિસ્તારોથી ઉપસ્થિત લોકપ્રતિનિધિઓએ તેમના વિસ્તારોને લગતા વિકાસલક્ષી પ્રશ્નો, લોકહિતની રજૂઆતો અને યોજનાઓના અમલીકરણ અંગેની રજૂઆતો સાંસદશ્રી સમક્ષ કરી હતી. સાંસદએ તમામ રજૂઆતોને ગંભીરતાથી સાંભળી સંબંધિત વિભાગોના અધિકારીઓને પ્રશ્નોનો યોગ્ય અને સમયબદ્ધ નિકાલ લાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. બેઠક દરમિયાન મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર ગેરંટી યોજના (મનરેગા), દિનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામિણ કૌશલ્ય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામિણ, સાંસદ આદર્શ ગ્રામ યોજના, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, સોઈલ હેલ્થ કાર્ડ યોજના, ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ, એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી, એગ્રીક્લિનિક અને એગ્રીબિઝનેસ સેન્ટર યોજના, કિસાન કોલ સેન્ટર, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પીએમ-કિસાન, સ્વામિત્વ યોજના, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, ગ્રામ પંચાયત વિકાસ યોજના , અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન, પ્રધાનમંત્રી આવાસ યોજના–શહેરી, સ્વચ્છ ભારત મિશન–શહેરી, સ્માર્ટ સિટીઝ મિશન, પીએમ સ્વનિધિ યોજના, કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ એન્ડ વોટર મેનેજમેન્ટ પ્રોગ્રામ, એક્સેલરેટેડ ઈરિગેશન બેનિફિટ પ્રોગ્રામ, રિપેર-રિનોવેશન એન્ડ રેસ્ટોરેશન ઓફ વોટર બોડીઝ, સરફેસ માઈનોર ઈરિગેશન યોજના, જળ શક્તિ અભિયાન – કેચ ધ રેઈન, જળ સંચય જનભાગીદારી, રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ, રાષ્ટ્રીય પશુધન મિશન, રાષ્ટ્રીય ગોકુલ મિશન, રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ તેમજ ઝ્ઢજી, બેટી બચાવો–બેટી પઢાવો યોજના, વન સ્ટોપ સેન્ટર યોજના, રાષ્ટ્રીય આરોગ્ય મિશન, રાષ્ટ્રીય ક્ષયરોગ નિવારણ કાર્યક્રમ, આયુષ્માન ભારત ડિજિટલ મિશન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સમગ્ર શિક્ષા અભિયાન, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ૨.૦, પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના, સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના, યુનિક ડિસેબિલિટી આઈડી,રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA)નો અમલ, પીએમ કુસુમ યોજના તથા જામનગર મહાનગર પાલિકા ક્ષેત્રમાં અમલી વિવિધયોજનાઓ સહિતની કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની અમલીકરણ સ્થિતિ, ભૌતિક અને નાણાકીય પ્રગતિ, લાભાર્થીઓને મળતા લાભો તથા બાકી રહેલા પ્રશ્નોની વિભાગવાર વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યાએ બેઠકમાં ઉપસ્થિત તમામ વિભાગોને કેન્દ્ર સરકારની યોજનાઓના વધુ અસરકારક અમલીકરણ દ્વારા જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસને ગતિ આપવા માટે સંકલિત પ્રયાસો ચાલુ રાખવા તેમજ સાંસદ દ્વારા સૂચવવામાં આવેલા કામો હકારાત્મક દિશામાં પૂર્ણ કરવા લગત વિભાગના અધિકારીઓને જણાવ્યું હતું. બેઠકમાં મેયર મોનિકા વ્યાસ, જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, રાજકોટ એડીઆરએમશ્રી બ્રિજેશકુમાર સિંઘ, ભાવનગર એસડીસીએમશ્રી અતુલકુમાર ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, જામનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી કમિશનર ડી.એઝાલા, તાલુકા પંચાયતના પ્રમુખઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી શારદા કાથડ, પ્રાંત અધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## આરંભડામાં પીધેલો શખ્સ દારૂની બાટલી સાથે ઝડપાયો : એક ફરાર

દ્વારકા : દ્વારકા પંથકના આરંભડા ગામે પીધેલી હાલતમાં પસાર થતા શખ્સ પાસેથી ઇંગ્લિશ દારૂની બાટલી પણ મળી આવતા તેની અટકાયત કરી હતી જ્યારે અન્ય શખ્સને ફરાર જાહેર કરી બન્ને સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના આરંભડા ગામે જય અંબે સોસાયટી ધીરુભા રાજાભા માણેક નામનો શખ્સ કેફી પીણું પીધેલી હાલતમાં લથડીયા ખાતો અને બકવાસ કરતો જતો હોય આ વેળાએ મીઠાપુર પોલીસે તેને રોકી તલાસી લેતા ઇંગ્લિશ દારૂની બોટલ મળી આવતા અટકાયત કરી રૂ. ૧૧૦૦ નો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો જ્યારે જીવણભા સુમણીયા નામના શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

# બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ દ્વારા બદ્રીનાથ ધામમાં દાનની અનિયમિતતાના દાવાઓની તપાસ માટે ૪ સભ્યોની પેનલની રચના

### તપાસ બાદ દોષિત ઠરનાર કોઈપણ વ્યક્તિ બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ અધિનિયમ, ૧૯૩૯ હેઠળ સંબંધિત સેવા આચાર નિયમો સાથે શિસ્તબદ્ધ અને કાનૂની કાર્યવાહીનો સામનો કરશે



દહેરાદુન,

બદ્રીનાથ ધામમાં પ્રસાદ અને દાનના સંચાલનમાં કથિત અનિયમિતતાઓને લઈને વિવાદ ફાટી નીકળ્યો છે, જેના કારણે બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC) એ ચાર સભ્યોની તપાસ પેનલની રચના કરી છે. સમિતિએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર વ્યાપકપણે આ આરોપો ફરતા થયા પછી આ મામલો તેમના ધ્યાન પર આવ્યો હતો.

BKTC ના મુખ્ય કાર્યકારી અધિકારી સોહન સિંહ રંગડના જણાવ્યા અનુસાર, સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ તપાસ પેનલની રચના કરવાનો આદેશ આપ્યો છે. તેને નિષ્પક્ષ અને વિગતવાર તપાસ કરવા અને સાત દિવસની અંદર તેના તારણો રજૂ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.

પેનલ મંદિર પરિસરમાંથી CCTV ફૂટેજની સમીક્ષા કરશે, સંબંધિત વ્યક્તિઓના નિવેદનો રેકોર્ડ કરશે અને કોઈપણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા ઉપલબ્ધ તમામ પુરાવાઓની તપાસ કરશે. રંગડએ નોંધ્યું હતું કે મુદ્દાની સંવેદનશીલતાને કારણે તપાસને ગંભીરતાથી લેવામાં આવી રહી છે.

ઉત્તરાખંડમાં પણ આ વિવાદે રાજકીય વળાંક લીધો છે. અયોધ્યામાં રામ મંદિરમાં પ્રસાદના સંચાલન સંબંધિત સમાન આરોપો લાગ્યા પછી તરત જ આ ઘટના સામે આવી છે, જેના કારણે વિરોધ પક્ષો તરફથી ટીકા થઈ રહી છે.

રાજ્ય કોંગ્રેસના પ્રમુખ ગણેશ ગોડિયાલે આરોપોને ગંભીર ગણાવ્યા છે અને મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે આવા દાવાઓથી સનાતન ધર્મના અનુયાયીઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે અને દોષિત ઠરેલા કોઈપણ વ્યક્તિ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

કોંગ્રેસ પાર્ટીએ શનિવારે બાગેશ્વરમાં બાગનાથ મંદિર સંકુલમાં મૌન વિરોધ પણ કર્યો હતો. પાર્ટીના કાર્યકરોએ રામ મંદિર અને બદ્રીનાથ ધામ બંનેમાં કથિત ગેરરીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

અગાઉ, BKTCના ચેરમેન હેમંત દ્વિવેદીએ સ્પષ્ટતા કરી હતી કે સોશિયલ મીડિયા પર તેમના "ખાનગી સચિવ" તરીકે વર્ણવવામાં આવતા કર્મચારી ખરેખર મંદિર સમિતિના નિયમિત સ્ટાફ સભ્ય છે.

# ઈન્ડોનેશિયામાં ફાઈટર જેટ્સના કાફલાએ પીએમ મોદીના વિમાનને એસ્કોર્ટ કર્યું

### રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ પણ પ્રોટોકોલ તોડીને મોદીનું સ્વાગત કર્યું

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હમણાં જ જકાર્તા પહોંચ્યા છે. વડા પ્રધાન બન્યા પછી આ તેમની ઈન્ડોનેશિયાની ત્રીજી મુલાકાત છે. જ્યારે વડા પ્રધાન મોદીનું વિમાન ઈન્ડોનેશિયન હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, ત્યારે ઈન્ડોનેશિયન વાયુસેનાના ફાઈટર જેટ્સે તેમના વિમાનની સાથે ઉડાન ભરી. ફાઈટર જેટ્સના કાફલાએ પીએમ મોદીના વિમાનને એસ્કોર્ટ કર્યું. આ ભારતના લોકો માટે સન્માનની વાત છે.

આ પછી, રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ પણ ઈન્ડોનેશિયાના એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે પ્રોટોકોલ તોડીને સ્વાગત કર્યું. બંને નેતાઓ વચ્ચેની દ્વિપક્ષીય મુલાકાતમાં આશરે ૨,૫૦૦ કરોડના બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ સોદાને મંજૂરી મળવાની અપેક્ષા છે.

પીએમ મોદીએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, "હું જકાર્તા પહોંચ્યો છું. રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના ઉષ્માભર્યા હાવભાવથી હું ખૂબ પ્રભાવિત થયો. તેમણે એરપોર્ટ પર મારું વ્યક્તિગત સ્વાગત કર્યું. ૨૦૧૮ માં, અમે અમારા બંને દેશો વચ્ચેના સંબંધોને 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી' ના સ્તરે ઉન્નત કર્યા, જેનાથી અમારા લોકોને ઘણો ફાયદો થયો છે. આ મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને હું વિવિધ ક્ષેત્રોમાં આ ભાગીદારીને વધુ વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરીશું."

વધુમાં, તેમણે લખ્યું, "રાષ્ટ્રપતિ પ્રબોવો અને હું યોગ્યાકાર્તામાં પ્રમ્બાનન મંદિર સંકુલની પણ મુલાકાત લઈશું. આ મુલાકાત અમારા બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવશે." ઈન્ડોનેશિયામાં, હું ભારતીય સમુદાય સાથે વાતચીત કરવાની તકની પણ આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.

# આવામી એક્શન કમિટીના નેતાએ ભારતને માનવતાવાદી સહાય માટે અપીલ કરી

### પાકિસ્તાનના કડક પગલાંથી PoKમાં ભૂખમરાની સ્થિતિ

પાકિસ્તાન

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં વિરોધ પ્રદર્શનો ફેલાઈ રહ્યા છે, ત્યારે જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC) ના નેતા સરદાર અમાન ખાને ભારતને માનવતાવાદી સહાય માટે અપીલ કરી છે, અને દાવો કર્યો છે કે પાકિસ્તાનના કડક પગલાંએ આ પ્રદેશને ગંભીર સંકટમાં ધકેલી દીધો છે. સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર કરાયેલા એક વિડિઓમાં, જે મીડિયા સ્ત્રોતો દ્વારા સ્વતંત્ર રીતે ચકાસવામાં આવ્યો નથી, ખાને કહ્યું કે PoK માં લોકો ખોરાક અને આવશ્યક પુરવઠાની અછતને કારણે સંઘર્ષ કરી રહ્યા છે, અને નવી દિલ્હીને દખલ કરવા વિનંતી કરી. "અમને ભારતની મદદની જરૂર છે. રાશનની અછત છે... અને અમને તમારી મદદની જરૂર છે," ખાને કહ્યું.

LoC ખોલવા માટે કરી હાકલ

રાવલકોટના ઈદગાહ મેદાનમાં એક વિશાળ સભાને સંબોધતા, ખાને નિયંત્રણ રેખા (LoC) ખોલવાની હાકલ કરી, કહ્યું કે જો પરિસ્થિતિ વધુ વણસી રહી છે તો નાગરિકો પાસે ભારતમાં પ્રવેશવાનો વિકલ્પ હોવો જોઈએ. તેમણે ભીડને પૂછ્યું કે શું તેઓએ LoC તરફ કૂચ કરવી જોઈએ, જ્યારે લોકો વારંવાર જવાબ આપતા હતા, "તે તરફ આગળ વધો."

ખાને પૂંછ અને ડોડા સેક્ટરમાં નિયંત્રણ રેખા ખોલવાની પણ વિનંતી કરી, દલીલ કરી કે પાકિસ્તાનના પગલાંથી સામાન્ય રહેવાસીઓનું જીવન વધુને વધુ મુશ્કેલ બની ગયું છે.

# પહેલગામ આતંકવાદી હુમલા કેસમાં પૂરક ચાર્જશીટ દાખલ: આરોપી તરીકે હાફિઝ સઈદનું નામ રાખ્યું

### ભારત સામે યુદ્ધ છેડવાનો અને પાકિસ્તાનથી આતંકવાદી હુમલો કરવાનું કાવતરું ઘડવાનો આરોપ

નવીદિલ્હી,

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) એ સોમવારે પહેલગામ આતંકવાદી હુમલા કેસમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના નેતા હાફિઝ સઈદનું નામ આરોપી તરીકે રાખ્યું છે. એનઆઈએએ તેની સામે ભારત સામે યુદ્ધ છેડવા અને સરહદ પાર આતંકવાદનું કાવતરું ઘડવા સહિતના ગંભીર આરોપો મૂક્યા છે. તપાસ એજન્સીએ હુમલાના કાવતરા અને આતંકવાદી નેટવર્કમાં સામેલ અન્ય આરોપીઓ સામે કોર્ટમાં વધારાના પુરાવા પણ રજૂ કર્યા છે.

જમ્મુમાં એનઆઈએ સ્પેશિયલ કોર્ટમાં દાખલ કરાયેલી પૂરક ચાર્જશીટમાં, આતંકવાદ વિરોધી એજન્સીએ હાફિઝ સઈદ પર વ્યક્તિગત રીતે અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને તેના સક્રિય પ્રોક્સી સંગઠન, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટના વડા તરીકે આરોપ મૂક્યો છે. તપાસ એજન્સી અનુસાર, હાફિઝ સઈદ સામે ભારતીય દંડ સંહિતા,૨૦૨૩ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ચાર્જશીટમાં તેના પર ભારત સામે યુદ્ધ છેડવાનો અને પાકિસ્તાનથી આતંકવાદી હુમલો કરવાનું કાવતરું ઘડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલાના ૧૫ દિવસ પછી, ૭ મેના રોજ, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, જેમાં ઘણા કુખ્યાત આતંકવાદીઓ માર્યા ગયા. આ પછી, બંને દેશો વચ્ચેની પરિસ્થિતિ બગડી અને બે દાયકામાં ટોચ પર પહોંચી ગઈ. દરમિયાન, પાકિસ્તાન દ્વારા ભારતીય શહેરોને નિશાન બનાવ્યા પછી, ભારતની વાયુ સંરક્ષણ પ્રણાલીએ અસરકારક રીતે પ્રતિક્રિયા આપી, તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા. ભારતે ૧૪ પાકિસ્તાની લશ્કરી સ્થાપનોનો નાશ કરીને બદલો લીધો. આનાથી ગભરાઈને, પાકિસ્તાને યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો, જે બંને દેશો વચ્ચેની ચર્ચા પછી લાગુ કરવામાં આવ્યો.

# યુટ્યુબર બચલાકુરી જોસેફ ઉર્ફે રાવણ પર UAPA હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો

### આંધ્રપ્રદેશમાં ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો

આંધ્રપ્રદેશ

આંધ્રપ્રદેશ પોલીસે યુટ્યુબર બચલાકુરી જોસેફ ઉર્ફે રાવણને નેલ્લોર સેન્ટ્રલ જેલમાં મોકલ્યો, ગન્નવરમની સ્થાનિક કોર્ટે તેને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) અને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની અન્ય કલમો હેઠળ નોંધાયેલા કેસમાં ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યાના કલાકો પછી, આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું. કૃષ્ણા જિલ્લાના ગન્નવરમ પોલીસ સ્ટેશનની પોલીસે શનિવારે યુટ્યુબ ચેનલ "પ્રશ્ના" ચલાવતા રાવણ સામે ફોજદારી કેસ નોંધ્યો અને રવિવારે તેની ધરપકડ કરી.

"તેને રવિવારે સાંજે ગન્નવરમમાં એડિશનલ જુનિયર સિવિલ જજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. લગભગ ૧૦ વાગ્યા સુધી દલીલો ચાલુ રહ્યા બાદ, કોર્ટે તેને ૧૮ જુલાઈ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો," એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું.

"ગન્નવરમના જનસેના પાર્ટીના નેતા અને આંધ્રપ્રદેશ રાજ્ય માર્ગ વિકાસ નિગમના ડિરેક્ટર ગરિકાપતિ શિવ શંકર દ્વારા દાખલ કરાયેલી ફરિયાદ બાદ આ કેસ નોંધવામાં આવ્યો હતો," અધિકારીએ જણાવ્યું.

શંકરે આરોપ લગાવ્યો કે રાવણે ૨૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ એક વીડિયો અપલોડ કર્યો હતો, જેમાં પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી) ની પ્રશંસા કરવામાં આવી હતી, લોકોમાં તેની વિચારધારાનો પ્રચાર કરવામાં આવ્યો હતો અને સશસ્ત્ર ક્રાંતિને ટેકો આપવામાં આવ્યો હતો.

# યોગી કેબિનેટનો મોટો નિર્ણય: જલાલાબાદનું નામ બદલીને પરશુરામપુરી કરવામાં આવશે

### ભગવાન પરશુરામનું જન્મસ્થળ હોવાથી નામ બદલવાની લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી



લખનૌ,

ઉત્તર પ્રદેશના શાહજહાંપુરથી આ ક્ષણના મોટા સમાચાર આવી રહ્યા છે. હકીકતમાં, ઉત્તર પ્રદેશની યોગી સરકારની કેબિનેટે એક મોટો નિર્ણય લીધો છે. તે મુજબ, શાહજહાંપુરમાં જલાલાબાદનું નામ બદલી નાખવામાં આવ્યું છે. કેબિનેટના નિર્ણય મુજબ જલાલાબાદનું નામ બદલીને "પરશુરામપુરી" કરવામાં આવ્યું છે. ભગવાન પરશુરામના જન્મસ્થળ તરીકે પ્રખ્યાત જલાલાબાદ હવે પરશુરામપુરી તરીકે ઓળખાશે. જનપ્રતિનિધિઓ અને સ્થાનિક રહેવાસીઓ લાંબા સમયથી આ સ્થળનું નામ ભગવાન પરશુરામના નામ પર રાખવાની માંગ કરી રહ્યા હતા, જેના પગલે સરકારે નામ બદલવાનો નિર્ણય લીધો છે. પરિણામે, શાહજહાંપુરમાં જલાલાબાદ હવે પરશુરામપુરી તરીકે ઓળખાશે. સરકારે જલાલાબાદનું નામ બદલવાની જાહેરાત કરતી એક પ્રેસ રિલીઝ બહાર પાડી. આ પ્રકાશન મુજબ, "શાહજહાંપુર જિલ્લામાં જલાલાબાદ મ્યુનિસિપલ કાઉન્સિલ વિસ્તારમાં આવેલું જલાલાબાદ શહેર ભગવાન પરશુરામના જન્મસ્થળ તરીકે પ્રખ્યાત છે. પૌરાણિક કથાઓ અને શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ મુખ્ય રીતે જોવા મળે છે. લોક પ્રતિનિધિઓ અને સ્થાનિક રહેવાસીઓ દ્વારા જલાલાબાદનું નામ બદલીને ભગવાન પરશુરામપુરી રાખવાની માંગણીને ધ્યાનમાં રાખીને, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ જલાલાબાદ મ્યુનિસિપલ કાઉન્સિલ વિસ્તારની અંદર આવેલા જલાલાબાદ શહેર/શહેરનું નામ બદલીને પરશુરામપુરી કરવાના પ્રસ્તાવને કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો ન હતો.

# સાઉદી અરેબિયન એરલાઈન રિયાધ એર ભારતમાં સેવાઓ શરૂ કરશે

### મુંબઈ-રિયાધ રૂટ પર ટિકિટ બુકિંગ ૬ જુલાઈથી શરૂ થઈ ગયું

નવીદિલ્હી,

સાઉદી અરેબિયન એરલાઈન રિયાધ એર ભારતમાં તેની સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે. રિયાધ એરએ જાહેરાત કરી છે કે તે ૪ ઓગસ્ટથી મુંબઈ અને રિયાધ વચ્ચે દૈનિક સીધી ફ્લાઈટ્સ શરૂ કરશે. આ ભારતમાં રિયાધ એરની પ્રથમ સેવા હશે. કંપનીએ જણાવ્યું હતું કે મુંબઈ-રિયાધ રૂટ પર ટિકિટ બુકિંગ ૬ જુલાઈથી શરૂ થઈ ગયું છે. રિયાદ એરએ જણાવ્યું હતું કે મુંબઈ અને રિયાધ વચ્ચેની આ દૈનિક સેવા બોઈંગ બી ૭૮૭-૯ એરક્રાફ્ટથી ચલાવવામાં આવશે. આ વિમાનમાં ચાર અલગ અલગ વર્ગો હશે: બિઝનેસ એલીટ, બિઝનેસ, પ્રીમિયમ ઈકોનોમી અને ઈકોનોમી. રિયાદ એરએ જણાવ્યું હતું કે મુંબઈ રૂટ કંપનીની ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે વિશ્વના સૌથી મોટા અને સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાંના એક છે. કંપનીને આશા છે કે આ સેવા વ્યવસાય અને લેઝર પ્રવાસીઓ તેમજ બંને દેશો વચ્ચે મુસાફરી કરતા વિદેશી સમુદાયોની જરૂરિયાતોને પૂર્ણ કરશે.

રિયાદ એરના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ટોની ડગ્લાસે કહ્યું, "ભારત વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. અમને મુસાફરોને મુંબઈથી રિયાધ અને આગળ યુરોપ સુધી સુધારેલ વૈશ્વિક કનેક્ટિવિટી સાથે એક નવો પ્રીમિયમ વિકલ્પ ઓફર કરવાનો આનંદ છે.

# મઠો અને મંદિરોની જમીનની હરાજી સામે સંતો, સાધુઓ અને પૂજારીઓએ વિરોધ શરૂ કર્યો

### જો માંગણીઓ સમયસર પૂર્ણ નહીં થાય તો સમગ્ર મધ્યપ્રદેશમાં હિંસક આંદોલનની ચેતવણી

ગુના,

મઠો અને મંદિરોની માલિકીની જમીનની હરાજી કરવાના મધ્યપ્રદેશ સરકારના નિર્ણય સામે ગુનામાં સંતો અને સંતોએ વિરોધ શરૂ કર્યો છે. મઠ મંદિર પુજારી સંગઠન, જિલ્લા ગુનાની એક કટોકટી અને મહત્વપૂર્ણ બેઠક ભુજરિયા તલાબ સ્થિત પ્રખ્યાત શ્રી લક્ષ્મી નારાયણ મંદિર સંકુલમાં યોજાઈ હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠક મહંત રાઘવેન્દ્ર દાસ મહારાજની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

રાઘવેન્દ્ર દાસ મહારાજ અને પંડિત લખન શાસ્ત્રીએ જણાવ્યું હતું કે એકલા ગુનામાં જ ૨૪૭ થી વધુ મંદિરોના પુજારીઓને વિવિધ તારીખોની નોટિસ મોકલવામાં આવી છે. વક્તાઓના મતે, વર્તમાન સરકારે પ્રાચીન મઠો અને મંદિરોની જમીનોની હરાજી કરવાના ઈરાદાથી પુજારીઓને નોટિસ ફટકારી છે, જે સંપૂર્ણપણે અન્યાયી છે.

સંતોએ સ્પષ્ટતા કરી હતી કે આ પ્રાચીન મંદિરો અને તેમની બાજુની જમીનો ન તો સરકારની છે અને ન તો તેમને દાન કરવામાં આવી છે. આ મિલકતો પ્રાચીન સમયમાં મંદિરો બનાવનારા રાજાઓ અને દાતાઓ દ્વારા ભગવાનને પ્રસાદ, મંદિરોની જાળવણી, સેવા અને પૂજા અને પૂજારીઓની જાળવણી માટે સમર્પિત કરવામાં આવી હતી.

પૂજારી સંગઠને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જો સરકાર માને છે કે આ મિલકતો અને જમીનો તેની માલિકીની છે, તો તેણે તેમને કબજે કરવા જોઈએ, પરંતુ બદલામાં, તેણે મંદિરના પૂજારીઓને સરકારી કર્મચારી જાહેર કરવા જોઈએ. આ સાથે, તેમને સરકારી કર્મચારીઓની જેમ જ સંપૂર્ણ માસિક પગાર, ભથ્થાં અને અન્ય તમામ જરૂરી સુવિધાઓ પણ પૂરી પાડવી જોઈએ.

સંતોએ જણાવ્યું હતું કે આ સરમુખત્યારશાહી સરકારી આદેશ સામે ટૂંક સમયમાં એક મોટું જાહેર આંદોલન શરૂ કરવામાં આવશે. આના ભાગ રૂપે, સંગઠનના અધિકારીઓ દરેક ગામ, બ્લોક અને તાલુકા સ્તરની મુલાકાત લઈને પૂજારીઓને એક કરશે અને સભાઓ કરશે.

# રામ મંદિર દાન ચોરી મામલે ટ્રસ્ટની બેઠકમાં ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા મંજૂર કરવામાં આવ્યા



### ધર્મનું રક્ષણ કરવું એ આપણું પ્રથમ કર્તવ્ય, જ્યારે લોકો શ્રદ્ધામાં જોડાય છે, ત્યારે તેમણે નાની નાની વિગતોનું પણ ધ્યાન રાખવું જોઈએ : સ્વામી પરમાનંદ ગિરી

અયોધ્યા,

અયોધ્યા રામ મંદિર દાન ચોરી મામલે આજે યોજાયેલી બેઠકમાં મહામંત્રી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામા મંજૂર કરવામાં આવ્યા છે. ટ્રસ્ટની એક મહત્વપૂર્ણ બેઠકમાં આ બંને અધિકારીઓના રાજીનામાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. દાન ચોરીનો મામલો પ્રકાશમાં આવ્યો ત્યારથી, ચંપત રાય અને અનિલ મિશ્રાની ભૂમિકા પર પ્રશ્નો ઉભા થયા છે.એસઆઈટી તપાસ શરૂ થયા પછી બંનેએ રાજીનામા આપી દીધા હતા, અને આજે રાજીનામા મંજૂર કરવામાં આવ્યા હતા.

આજની ટ્રસ્ટની બેઠકમાં પ્રસાદની ચોરીને કારણે દેશની બદનામી પર ચર્ચા કરવામાં આવી હતી. દીનેન્દ્ર દાસને પહેલા મહાસચિવો ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા અંગે ચર્ચા કરવા અને પછી પોતાના મુદ્દાઓ ઉઠાવવા કહેવામાં આવ્યું હતું, જેના પર ચર્ચા કરવામાં આવશે. ગોપાલ રાવે પણ બેઠકમાં જોડાવાનો પ્રયાસ કર્યો, પરંતુ સભ્યોએ તેમને પ્રવેશતા અટકાવ્યા. ટ્રસ્ટની બેઠકમાં એવી પણ ચર્ચા થઈ હતી કે ચંપત રાય અને અનિલ મિશ્રાએ હાલ જવાબદારી લેવી પડશે. ચંપત રાય ટ્રસ્ટના મહાસચિવ તરીકે સેવા આપી હતી. ટ્રસ્ટમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે ટ્રસ્ટમાં બધી નવી નિમણૂકો ચંપત રાય અને અનિલ મિશ્રા દ્વારા કરવામાં આવી હતી. ટ્રસ્ટની બેઠકમાં હાજરી આપનારા સ્વામી પરમાનંદ ગિરીએ કહ્યું કે ધર્મનું રક્ષણ કરવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે. જ્યારે લોકો શ્રદ્ધામાં જોડાય છે, ત્યારે તેમણે નાની નાની વિગતોનું પણ ધ્યાન રાખવું જોઈએ. પ્રસાદ ચોરીના આરોપોએ સમગ્ર દેશને નુકસાન પહોંચાડ્યું છે અને બદનામી લાવી રહ્યા છે. રામ મંદિર ટ્રસ્ટની બેઠકમાં સર્વાનુમતે ચંપત રાય અને અનિલ મિશ્રાને રાજીનામું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. તે બંને બેઠકમાં હાજર રહ્યા ન હતા અને તેમને બહાર રાખવામાં આવ્યા હતા.

# ભારત ટેક્સીની તર્જ પર એક નવી સહકારી જીવન વીમા કંપની શરૂ કરવામાં આવશે : અમિત શાહ

### કેન્દ્ર સરકારે દેશમાં સહકારી ચળવળને પુનર્જીવિત કરવા અને ગ્રામીણ અર્થતંત્રને આત્મનિર્ભર બનાવવા માટે એક ઐતિહાસિક નીતિગત પહેલ કરી

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી અમિત શાહે દેશમાં સહકારી ક્ષેત્રના વિકાસને વેગ આપવા માટે એક નવી સહકારી જીવન વીમા કંપનીની સ્થાપનાની જાહેરાત કરી છે. આ કંપની 'ભારત ટેક્સી' ની તર્જ પર કાર્ય કરશે અને વીમા ક્ષેત્રમાં સહકારી મંડળીઓની ભાગીદારી વધારશે. તેનો ઉદ્દેશ્ય ૩૦ કરોડથી વધુ સભ્યો ધરાવતી ૮.૫ લાખ સહકારી મંડળીઓને સશક્ત બનાવવાનો છે.દેશમાં સહકારી ધોરણે ચાલતી ભારત ટેક્સીને મળેલ સફળતા બાદ હવે કેન્દ્ર સરકાર, સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરશે. સહકારી જીવન વીમા કંપનીની જાહેરાત અમિત શાહ દ્વારા કરવામાં આવી હતી. આજે સોમવારે, કેન્દ્રીય સહકારીતા પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરવામાં આવશે. સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રીય રાજધાનીમાં એક કાર્યક્રમમાં બોલતા શાહે જણાવ્યું હતું કે, સહકારીતા મંત્રાલયની સ્થાપનાથી ભારતના સહકારી ચળવળમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. એક એવી ચળવળ જે કોંગ્રેસ શાસન દરમિયાન અવગણવામાં આવી હતી. સહકાર પ્રધાને ઉલ્લેખ કર્યો હતો કે 'ભારત ટેક્સી' સારું પ્રદર્શન કરી રહી છે અને આગામી બે વર્ષમાં ૫૦૦ શહેરોમાં વિસ્તરણ કરવા માટે તૈયાર છે.અમિત શાહે કહ્યું, "અમે સહકારી ક્ષેત્રમાં 'ભારત ટેક્સી' ની જેમ જ હવે જીવન વીમા કંપની સ્થાપિત કરીશું." આ પહેલ વીમા ક્ષેત્રની અંદર સહકારી મંડળીઓના વિકાસમાં મદદ કરશે. તેમણે ધ્યાન દોર્યું કે ખાતર ક્ષેત્રની સહકારી સંસ્થા "ઇફ્કો", જાપાની કંપની સાથે સંયુક્ત સાહસ દ્વારા વીમા વ્યવસાયમાં પહેલેથી જ સંકળાયેલી છે.સહકારી મંડળીઓમાં ૩૦ કરોડથી વધુ સભ્યો ભારતમાં આશરે ૮.૫ લાખ સહકારી મંડળીઓ છે. જેની સંયુક્ત સભ્યપદ ૩૦ કરોડથી વધુ છે. અમિત શાહે છેલ્લા પાંચ વર્ષમાં મંત્રાલય દ્વારા લેવામાં આવેલા પગલાં પર પ્રકાશ પાડ્યો, જેમાં સહકારી પ્રણાલીમાં પારદર્શિતા અને વ્યાવસાયિક વ્યવસ્થાપન લાવવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે મંત્રાલયે સહકારી ક્ષેત્રનો ડેટાબેઝ બનાવ્યો છે, જે દેશભરમાં સહકારી મંડળીઓના વિસ્તરણને સરળ બનાવશે.શાહે ઉમેર્યું હતું કે ક્ષમતા નિર્માણ માટે ગુજરાતના આણંદમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે, જે માનવ સંસાધન પડકારોનો સામનો કરશે. સહકારી મંડળીઓ વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરી છે અને હવે ફક્ત ડેરી, ખાંડ અને ખાતર વ્યવસાયો સુધી મર્યાદિત નથી.

# જામનગરમાં રાત્રીના પવન સાથે જોરદાર ઝાપટુ આવતાં જર્જરીત ઈમારત ધરાશાહી, જાનહાની ટળી







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરઃ જામનગર શહેરમાં પ્રથમ વરસાદના રાઉન્ડ દરમિયાન પટણીવાડ વિસ્તારમાં સદ્દામ રેસ્ટોરન્ટ સામે આવેલી હુસૈની બાગ હોલની જૂની અને જર્જરિત ઈમારતની છત સોમવારે રાત્રે અચાનક ધરાશાયી થઈ હતી. વરસાદ વરસી રહ્યો હતો ત્યારે બનેલી આ ઘટનાના પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. સદનસીબે ઘટના સમયે છત નીચે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિકોમાં આ ઘટનાને લઈને ચિંતા વ્યાપી હતી. શહેરમાં વરસાદી મોસમ દરમિયાન આવી જર્જરિત ઈમારતો લોકો માટે જોખમરૂપ બની શકે છે. સ્થાનિકોએ તંત્ર દ્વારા શહેરની જોખમી અને જર્જરિત ઈમારતોનું તાત્કાલિક સર્વેક્ષણ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

## જોડિયામાં ગુનાહિત આરોપીના મકાનેથી રૂ. ૩.૮૦ લાખની વીજચોરી ઝડપાઈ

### આરોપી સામે તાજેતરમાં ખાણ ખનીજ અધિકારીની ફરજમાં રુકાવટ કાર્યનો ગુનો નોંધાયો છે

જામનગર : જામનગર જિલ્લા પોલીસ અને ધ્રોલ રૂરલ પીજીવીસીએલની સંયુક્ત કાર્યવાહીમાં ખાણ-ખનીજ વિભાગના અધિકારીની ફરજમાં રૂકાવટ કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીના રહેણાંક મકાનેથી આશરે રૂ. ૩.૮૦ લાખની વીજચોરી ઝડપાઈ છે.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિમોહન સૈનીના માર્ગદર્શન હેઠળ ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તે અનુસંધાને જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક પિયુષ વાંદાના માર્ગદર્શન હેઠળ જોડિયા પોલીસ અને ધ્રોલ રૂરલ પીજીવીસીએલની ટીમે સંયુક્ત ચકાસણી હાથ ધરી હતી.

આ કાર્યવાહી દરમિયાન જોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખાણ-ખનીજ વિભાગના અધિકારીની ફરજમાં રૂકાવટના ગુનાના આરોપી રઝાકભાઈ ઉર્ફે એઝાઝ સુમારભાઈ ઝખરા, રહે. ધ્રાંગડા ગામ, તા. જી. જામનગરના રહેણાંક મકાનમાં તપાસ કરવામાં આવી હતી.જ્યાં તપાસ દરમિયાન આરોપીના મકાનમાં ગેરકાયદેસર રીતે વીજચોરી થતી હોવાનું શોધી કાઢ્યું હતું. જેના આધારે પીજીવીસીએલ દ્વારા આશરે રૂ. ૩.૮૦ લાખનો દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કરીને વીજ મીટર ઉતારી લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમરનાથ યાત્રાએ ગયેલ જામનગરના વૃદ્ધને રસ્તામાં હૃદયરોગનો હુમલો આવતા મૃત્યુ

### મૃતકના પાર્થિવ દેહને હવાઈ માર્ગે જામનગર લવાયો, સાથે ગયેલ મિત્રો તેમજ પરિવારમાં શોક છવાયો



મૃતકનો ફાઈલ ફોટો



જામનગર : બાબા બર્ફાનીના દર્શન કરવા અમરનાથ યાત્રાએ ગયેલા જામનગરના રહેવાસી પ્રવીણભાઈ પરમાર નામના ૬૧ વર્ષના વૃદ્ધનું યાત્રા દરમિયાન હાર્ટ એટેક આવતાં અવસાન થયું છે. તેઓ તા. ૩૦ જૂનના રોજ જામનગરથી અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થા સાથે રવાના થયા હતા. પવિત્ર અમરનાથ ગુફાથી આશરે ૩ થી ૪ કિલોમીટર દૂર આવેલી કાલી માતાજીના મંદિર નજીક તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો.

પ્રવીણભાઈ પરમાર સૌપ્રથમ જમ્મુ ખાતે રોકાયા હતા. ત્યારબાદ તા. ૨જુલાઈએ શ્રીનગર પહોંચ્યા અને તા. ૩ જુલાઈએ બાલતાલ બેઝ કેમ્પ ખાતે પહોંચ્યા હતા. તા. ૪ જુલાઈના રોજ તેમણે બાલતાલ રૂટ પરથી પવિત્ર અમરનાથ ગુફા તરફની યાત્રા શરૂ કરી હતી. યાત્રા દરમિયાન કાલી માતાજીના મંદિર નજીક તેમની તબિયત અચાનક બગડતાં તેઓ બેભાન થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ શ્રાઈન બોર્ડના અધિકારીઓ અને સુરક્ષા જવાનોએ તાત્કાલિક તેમને નજીકના મેડિકલ કેમ્પમાં ખસેડી પ્રાથમિક સારવાર આપી હતી. જોકે, ડૉક્ટરોએ તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શક્યા નહોતા અને સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.

નિધન બાદ તેમના પાર્થિવ દેહને સૌપ્રથમ સોનમર્ગ લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રીનગર એરપોર્ટથી હવાઈ માર્ગે દિલ્હી અને ત્યાંથી વડોદરા એરપોર્ટ લાવવામાં આવ્યો હતો. વડોદરાથી એમ્બ્યુલન્સ મારફતે તેમનો પાર્થિવ દેહ જામનગર લાવવામાં આવ્યો હતો.

અમરનાથ યાત્રા દરમિયાન બનેલી આ દુઃખદ ઘટનાથી જામનગર શહેરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પરિવારજનો, સગા-સંબંધીઓ અને યાત્રાળુઓએ પ્રવીણભાઈ પરમારના અવસાન પર ઊંડી શોકભાવના વ્યક્ત કરી છે.

## જામનગરમાં રૂ. ૨૦લાખના મેફેડ્રોન સહિતના ડ્રગ્સના પાવડર સાથે એક શખ્સ ઝડપાયો

### અગાઉ બે વખત પંજાબથી આવેલું હેરોઈન પકડાયું હતું, હવે રાજસ્થાન કનેકશન ખુલ્યું

જામનગર : જામનગરમાં નશાકારક પદાર્થ ડ્રગ્સના વેચાણનો પર્દાફાશ થયો છે. એસઓજી પોલીસે રૂ.૯.૫૦ લાખની કિંમતના ૧૯ ગ્રામ કોકેન અને રૂ.૧૨.૩૦ લાખની કિંમતના મેફેડ્રોન, એમ્ફેટામાઈન, મેથાએમ્ફેટામાઈનના નશાકારક પાવડરના મુદ્દામાલ સાથે એક રાજસ્થાની શખ્સને પકડી પાડયો છે. જેની આગળની તપાસનો ધમધમાટ વધાર્યો છે. જામનગર દરિયાઈ સરહદી જિલ્લો છે. જ્યાં અગાઉ અન્ય સરહદી રાજય એવા પંજાબથી આવેલો હેરોઈનનો જથ્થો બે વખત પકડાયો હતો. હવે રાજસ્થાનથી આવેલો ડ્રગ્ઝનો જથ્થો પકડાયો છે. આમ સરહદી રાજયમાંથી ડ્રગ્ઝ આવવાનો આ ત્રીજો બનાવ છે.



જામનગર એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા નશાકારક પદાર્થના દૂષણને નાબૂદ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે નરશિરામ કુપારામ લુણા (હાલ સજુબા સ્કુલ, પાસે, જામનગર, મૂળ રહેવાસી રાજસ્થાન) ટાઉન હોલ પાસે આવેલા કોટક મહિન્દ્રા બેંક વાળી શેરીમાં કેફી માદક પદાર્થ પાવડરના વેચાણ અર્થે આવવાનો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં નરશિરામ કુપારામ લુણા નામનો શખ્સ આવતા પોલીસે તેની અટકાયત કરી તલાસી હાથ ધરતા આરોપીના કબજામાંથી માદક પદાર્થ કોકેન તથા એમ.ડી.એમ.એ. પાવડરનો રૂ.૨૧.૮૦ લાખનો ૧૪૨ ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૯.૫૦ લાખની કિંમતનું ૧૯ ગ્રામ કોકેન, રૂ.૧૨.૩૦ લાખનો એમડીએમએ (મેફેડ્રોન, એમ્ફેટામાઈન, મેથાએમ્ફેટામાઈન.) પાવડર અને ૧૫ હજારની કિંમતના બે મોબાઈલ, એક વજન કાટો સહિત રૂ.૨૧.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જામનગર પોલીસ દ્વારા આટલો મોટો જથ્થો કોના દ્વારા અને કયાંથી મળ્યો ? તેમજ કેટલા સમયથી આ પ્રવુતિ ચાલતી હતી તેમજ આ પ્રવૃતિમાં આરોપી સાથે કોન કોન સંડોવાયેલુ છે? તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરવામા આવી છે.

### ડ્રગ્સના વેચાણમાંથી ખરીદેલી મિલ્કત સામે કાર્યવાહી થશેઃ ડીવાયએસપી

ડીવાયએસપી પિયુષ વંદાએ જણાવ્યું હતું કે, આરોપીની તપાસ કરવામાં આવશે અને તેણે જો નશાકારક પદાર્થના વેચાણ થકી કોઈ મિલ્કત ખરીદી હશે તો આરોપી સામે તે દિશામાં પણ કાર્યવાહી કરવામાં આવશે. અંગે આગામી સમયમાં પણ પોલીસ દ્વારા આ પ્રકારની કાર્યવાહી શરૂ રહેશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.

## જામનગરમાં વિદ્યાર્થીને હડફેટ લઈ મોત નિપજાવનાર ચાલક સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગર શહેરના પવનચક્કી પાસે સીટી બસ સ્ટેશનથી થોડા આગળ સોમવારે સવારે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા ૧૬ વર્ષીય વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે તેની સાથે મોટરસાયકલ પર જઈ રહેલા મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જે બનાવ અંગે મૃતકના ભાઈ સમીર હારુનભાઈ ઓડિયાની ફરિયાદના આધારે અરબાનિયા મિની બસના ચાલક સામે ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જી મૃત્યુ નિપજાવવાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ અલ્લાઉદિન હારુનભાઈ ઓડિયા પોતાના મિત્ર સાફિન અશરફભાઈ ડાકોરા સાથે એક્સેસ મોટરસાયકલ લઈને નેશનલ સ્કૂલ જવા નીકળ્યો હતો. સવારે અંદાજે આઠ વાગ્યે પવનચક્કીથી આગળ નાનકપુરી તરફ જતાં સમયે પાછળથી પૂરઝડપે આવી રહેલી અરબાનિયા મિની બસ નં. જીજે-૧૦-એટી-૯૯૯૫ના ચાલકે બેફિકરાઈ અને ગફલતભરી રીતે બસ હંકારી તેમની મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર લાગતાં બંને રસ્તા પર પટકાયા હતા.

અકસ્માતમાં સાફિનને જમણા હાથની કોણી પાસે તથા જમણા પગના ગોઠણ નીચે સામાન્ય ઈજાઓ થઈ હતી, જ્યારે અલ્લાઉદિનને ડાબા ગાલ, દાઢીના નીચેના ભાગે, જમણા હાથના કાંડા, જમણા પગના ઘૂંટણ સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ડોક્ટરોએ અલ્લાઉદિનને મૃત જાહેર કર્યો હતો. બનાવ બાદ બસચાલક વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સતાપર ગામે ડેમમાં નહાવા પડેલ યુવાનનું ડુબી જવાથી મોત

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના સતાપર ગામે ડેમમાં નહાવા માટે પડેલ આદિવાસી યુવાનનું ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા મૃત્યુ નિપજતા પરિવારમા ભારે ગમગીની પ્રસરી ગઈ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્થળપર દોડી ગયેલ અને વધુ તપાસ આરંભી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મુળ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના પાચ ગાળા ગામનો અને હાલ કલ્યાણપુર તાલુકાના સતાપર ગામે રહેતો લાલુ દિનેશભાઈ રાઠોડ નામનો ૩૨ વર્ષનો આદિવાસી યુવાન ગત તા. ૫ ના રોજ ગામમાં આવેલ સંધીણી ડેમમાં નહાવા માટે પડ્યો હતો. દરમિયાન એકાએક નહાતી વેળાએ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેનું મોત નિપજ્યું હતું. મૃતકના ભાઈ કિરણ દિનેશભાઈ રાઠોડ દ્વારા કલ્યાણપુર પોલીસ દફતરે જાણ કરવામાં આવતા એ.એસ.આઈ વી. કે. પોસ્તરીયા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## જામનગરના ટ્રાફિકથી ધમધમતા બેડીગેઈટ વિસ્તારમાં દુકાનમાં તસ્કરો ત્રાટકયા

### દુકાનના ટેબલના ખાનામાં રાખેલ રુ. ૨૪હજારની રોકડની ચોરી

જામનગર : જામનગર શહેરના સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના ધણશેરી વિસ્તારમાં આવેલી બાબજી સિરામિક એન્ડ સેનેટરી વેર નામની દુકાનમાંથી રોકડ રકમની ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે દુકાનના માલિક હુશેનભાઈ મહમદઅલી કપાસી (ઉં.વ. ૬૬, રહે. કાલાવડ ગેટ રોડ, મોદીવાડ, જામનગર) દ્વારા સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ફરિયાદી તથા તેમનો પુત્ર જમવા માટે ઘરે ગયા હતા. ત્યારબાદ તેમનો પુત્ર દુકાને પરત ફરતા દુકાનનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. ફરિયાદીને જાણ કરતાં તેઓ પણ દુકાને પહોંચ્યા હતા. તપાસ દરમિયાન ટેબલના ખાનામાં રાખવામાં આવેલી આશરે રુ. ૨૪,૦૦૦ ની રોકડ રકમ ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં દુકાન તેમજ આસપાસના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચકાસતા એક અજાણ્યો શખ્સ દુકાનમાં પ્રવેશી ટેબલના ખાનામાંથી રોકડ રકમ ચોરી કરતો દેખાયો હતો. વધુ તપાસમાં આરોપીનું નામ રાજ હોવાનું જાણવા મળતાં તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે, અને તપાસ આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર સુરભીબેન ગગનભાઈ કેશવાલાને સોંપવામાં આવી છે. પોલીસે આરોપીની શોધખોળ તથા વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં કારમાં બેસાડી યુવાનનું અપહરણ કરી, છરી બતાવી ૭૪ હજાર પડાવી લીધા

### ઓનલાઈન ચેટીંગ એપથી મિત્રતા કેળવનાર ચાર શખ્સો સામે ગુનો નોંધાયા

જામનગર : જામનગર નજીક દરેડ ગામના રહેવાસી અને મજૂરી કામ કરતા ભીખાલાલ ઉર્ફે રણમલ ભોજાભાઈ કળોતરાએ જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું હતું કે, તેઓએ ગ્રાઈન્ડર (ગે ડેટિંગ એન્ડ ચેટ) એપ પર "કરણ" આઈડી મારફતે ચેટિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ સામેની વ્યક્તિએ પોતાનું નામ રવીરાજ હોવાનું અને ખંભાળિયાનો રહેવાસી હોવાનું જણાવી લાલપુર બાયપાસ ખાતે મળવાનું નક્કી કર્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ યુવાનને નક્કી કરેલા સ્થળે કાળા રંગની સ્વિફ્ટ કાર (રજિસ્ટ્રેશન નં. જીજે-૧૦-ઈએચ-૧૬૦૫) લઈને આવેલા રવીરાજ સાથે ફરિયાદી ભીખાલાલ કારમાં બેઠા હતા. ત્યારબાદ કાર બે ભાઈના ડુંગર તરફ લઈ જવામાં આવી હતી. રસ્તામાં એક દુકાન પાસે કાર ઉભી રાખી રવીરાજે પોતાના અન્ય ત્રણ સાગરિતો સાથે વાતચીત કરી હતી અને બાદમાં ફરિયાદીને નિર્જન વિસ્તારમાં લઈ જવામાં આવ્યા હતા.

ત્યાં ચારેય આરોપીઓએ ફરિયાદીને માર મારી કારમાં બળજબરીથી બેસાડી અપહરણ કર્યું હતું. એક આરોપીએ છરી અને અન્ય આરોપીએ ધોકો બતાવી રૂ. એક લાખની માંગણી કરી હતી. ફરિયાદીએ રૂપિયા આપવાનો ઈનકાર કરતાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ ફરિયાદી ભીખાભાઈનો અંદાજે રૂ. ૧૫ હજાર કિંમતનો મોબાઈલ ફોન, પાકીટમાં રહેલા એટીએમ કાર્ડ અને રૂ. એક હજારની રોકડ લૂંટી લેવામાં આવી હતી.

ઉપરાંત એટીએમ કાર્ડનો ઉપયોગ કરી ફરિયાદીના બેંક ખાતામાંથી રૂ. ૫૮ હજાર ઉપાડી લેવામાં આવ્યા હતા. આમ કુલ રૂ. ૭૪ હજારની લૂંટ ચલાવ્યાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી પંચકોશી બી. ડિવિઝનના પી.આઈ. વી.જે. રાઠોડ અને તેમની ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

## જોડિયા તાલુકામાં ૨૩ મી.મી. જ્યારે અન્યત્ર ઝાપતાથી અડધો ઈંચ વરસાદ

### મોટા પાંચદેવડામાં ૪૮ મી.મી., હડિયાણા ૩૦ મી.મી., મોટી બાણુગારમાં ૨૫ મી.મી. વરસાદ

જામનગર : જામનગર જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ નોંધાતા ચોમાસાએ ફરી જોર પકડ્યું છે. જિલ્લા કંટ્રોલ રૂમ અને જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ તાલુકા મથકોમાં જોડિયા તાલુકામાં સૌથી વધુ ૨૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે લાલપુરમાં ૨૦ મી.મી., કાલાવડમાં ૧૩ મી.મી., ધ્રોલમાં ૧૧ મી.મી., જામનગરમાં ૪ મી.મી. તથા જામજોધપુરમાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સમગ્ર જિલ્લાનો સરેરાશ વરસાદ ૧૨.૩૩ મી.મી. નોંધાયો છે.

જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના પી.એચ.સી.વાર વરસાદના અહેવાલ મુજબ હડિયાણા પી.એચ.સી. વિસ્તારમાં સૌથી વધુ ૩૦ મી.મી. વરસાદ નોંધાયો છે. ઉપરાંત મોટાપાંચદેવડા ખાતે ૪૮ મી.મી., મોટી બાણુગારમાં ૨૫ મી.મી., બાલંભા અને નવાગામમાં ૧૫-૧૫ મી.મી., અલીયાબાડા, જાળીયાદેવાણી અને જામવાડી ખાતે ૧૨-૧૨ મી.મી., મોટી ભલસાણ, ભલસાણ બેરાજ અને જામવંથલી ખાતે ૧૦-૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે. ફલ્લા અને વાંસજાળીયામાં ૯-૯ મી.મી., ખરેડીમાં ૮ મી.મી., મોડપરમાં ૭ મી.મી., શેઠ વડાળામાં ૭ મી.મી. તેમજ સમાણા, ધ્રાફા, પરડવા સહિતના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જ્યારે પીઠડ, પડાણા અને લૈયારા વિસ્તારોમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન વરસાદ નોંધાયો નથી.

ચાલુ ચોમાસામાં અત્યાર સુધીમાં તાલુકાવાર વરસાદની વાત કરીએ તો જામજોધપુર તાલુકામાં સૌથી વધુ ૧૯૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે કાલાવડમાં ૬૫ મી.મી., જોડિયામાં ૪૪ મી.મી., લાલપુરમાં ૩૯ મી.મી., ધ્રોલમાં ૩૬ મી.મી. અને જામનગર તાલુકામાં ૨૭ મી.મી. વરસાદ નોંધાયો છે. સમગ્ર જિલ્લાનો મોસમનો સરેરાશ વરસાદ ૬૭.૩૩ મી.મી. નોંધાયો હોવાનું જિલ્લા કંટ્રોલ રૂમના અહેવાલમાં જણાવાયું છે.

પી.એચ.સી. વિસ્તારોમાં મોસમના કુલ વરસાદમાં નવાગામ ૧૬૫ મી.મી. સાથે મોખરે છે. ત્યારબાદ વાંસજાળીયામાં ૧૬૪ મી.મી., સમાણામાં ૧૪૦ મી.મી., જામવાડીમાં ૧૨૪ મી.મી., ધ્રાફામાં ૧૧૧ મી.મી. અને પરડવામાં ૧૧૦ મી.મી. વરસાદ નોંધાતા જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાની સારી શરૂઆત થઈ હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

જામનગર શહેરમાં મેઘરાજા દરરોજ હાથ તાળી આપીને ચાલ્યા જતા હતા પરંતુ ગઈકાલે રાત્રિના ૯.૩૦ વાગ્યા બાદથી ધીમીધારે વરસાદી છાંટા શરૂ થયા હતા, અને મોટું વરસાદી ઝાપટું વરસી ગયું હતું, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આજે પણ વરસાદી માહોલ બંધાયેલો છે, અને વધુ વરસાદ પડે તેવી શક્યતાઓ છે. નગરજનો પણ મેઘરાજાની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે.